॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ,તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૦૯ વર્ષ-૨૦ વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ વિદેશમાં-૪૦૦.૦૦ ૦૭ ડિસેમ્બર-૨૦૧૦


## માત્ર પ્રચારના સાધનો જ ન શોધો, આત્માના ઉત્કર્ષ માટે પણ વિચારો

### અધ્યાત્મનું અવલંબન, આત્મબળ સંવર્ધન અને ભાવનાત્મક પરિવર્તન જ યુગ પરિવર્તનનો આધાર છે

યુગ ઋષિ પરમ પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્ય (વાંગ્મય ખંડ-૨૮, પૃષ્ઠ - ૨.૫૩ થી ૨.૫૫ના સંકલિત-સંપાદિત અંશ)



#### ઈશ્વરની સૌથી મોટી પૂજા

મનુષ્યના શરીરમાં સુતેલા દેવત્વનું જાગરણ કરવું એ જ આજની સૌથી મોટી ઈશ્વરપૂજા છે. નવયુગ નિર્માણની આધારશીલા પણ આ જ છે. જે અસુરતાની દુષ્પ્રવૃત્તિઓએ સંસારને દુ:ખ-દારિદ્ર્યથી ભરેલું નરક બનાવ્યું, જે અવિવેકે પરમાત્માના પૂત્ર આત્માને નીચમાં નીચ કીડાથી પણ નીચલા સ્તરે લાવી દીધો, તેનું ઉન્મૂલન દેવત્વના અભિવર્ધનથી જ કરી શકાય. યુગધર્મ તેના માટે પ્રબુદ્ધ આત્માઓનું આહ્વાન કરી રહ્યો છે.

અંધકારને હટાવવા માટે પ્રકાશ ઉત્પન્ન કરવા સિવાય કોઈ રસ્તો નથી. મનુષ્યની આંતરીક સંકીર્ણતા તથા અવિવેક ગ્રસ્ત સ્થિતીનો અંત લાવ્યા વિના ઉજ્જવળ ભવિષ્યની આશા બીજી કોઈ રીતે કરી શકાતી નથી. ધન વૈભવ વધવાથી નહી પરંતુ સદ્ભાવમાં વૃદ્ધિ થવાથી માનવીય ગૌરવનું પુનરુત્થાન સંભવિત બને છે.

#### બધા ઈચ્છે છે પણ ભૂલ ક્યાં થાય છે?

આમ તો બધા ઈચ્છે છે કે સમાજમાં ફેલાયેલી ખરાબીઓ દૂર થાય અને વ્યક્તિ વધુ ઈમાનદાર બને. તેના માટે એ જ મુખ્ય સાધન નજરે ચઢે છે, જે મોટા ભાગે અન્ય જાણકારીઓ વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે- લેખન અને વક્તવ્ય. આ બંન્ને સાધનો દ્વારા સ્કૂલોમાં બાળકોને હિસાબ, ભૂગોળ, ઈતિહાસ ઈત્યાદિનું શિક્ષણ આપવામાં આવે છે. ખેતી વાડી, શિલ્પકામ, આરોગ્ય વિગેરે વિષયોની જાણકારી ખાસ કરીને આ માધ્યમો દ્વારા આપવામાં આવે છે. જન સાધારણને મનગમતી દિશામાં વાળવા માટે જાહેરખબર લાલચું વેપારીઓથી લઈને ધર્મોપદેશકો અને રાજનેતા સુદ્ધાં આ બંન્ને સાધનોનો ઉપયોગ કરે છે.

સર્વસાધારણ લોકોને દયા, ધર્મ, સદાચાર, સંયમ, ભક્તિ ઈત્યાદિનું મહાત્મ્ય જાણમાં ન હોય કે તેઓ તેનો અસ્વિકાર કરતા હોય એવું શક્ય નથી. તેઓ બીજાઓને ઉપદેશ પણ આવી વાતોનો જ આપતા હોય છે. પરંતુ મુશ્કેલી એ છે કે ખુદ તેના પર ચાલી નથી શકતા. આ અસમર્થતા અને દુર્બળતા તેમના શરીર, મન આદિની નહીં પરંતુ અંત:કરણની છે, આથી ઉપચાર પણ તે દુર્બળ અંગોનો કરવો જોઈએ. કીડનીની બીમારી પગમાં તેલ ઘસવાથી દૂર નથી થતી જે વ્યથિત અંગ છે તેના સુધી ઉપચારનો પ્રભાવ પહોંચે ત્યારે જ કોઈ કામ પાર પડે.

#### આપણી ગૌરવશાળી ઋષિ પરંપરા

ભારતના વર્ચસ્વનો ઈતિહાસ તેના આત્મબળની સફળતાનો ઉદ્ઘોષ છે. પ્રાચીનકાળથી જ આપણા આપણા મહાન ઋષિઓ આ દેશની મહાન પરંપરાઓના નિર્માતા રહ્યા છે. તેમની પાસે ભૌતિક સાધનો ઓછા હતા પરંતુ આત્મબળ એટલું પ્રચંડ હતુ કે તેઓ જનસમુહને પોતાના પ્રવાહમાં એક નિર્ધારિત સમયમાં એવી રીતે વહાવીને લઈ જઈ શકતા હતા કે જેવી રીતે પ્રબળવેગથી વહેતી નદીઓ તણખલાઓને પોતાની સાથે વહેવડાવવા માટે વિવશ કરી દેતી હોય છે. કાદવમાં ફસાયેલા હાથીને હજારો દેડકાઓના પ્રયાસ ઉગારી નથી શકતા પણ તેને સમર્થ હાથી જ યુક્તિપૂર્વક મજબૂત દોરડાની સહાયતાથી બહાર કાઢી શકે છે. આંતરિક દુર્બળતાનો અભાવ આત્મબળ સંપન્ન લોકો વડે જ પૂરો કરી શકાય છે. ઋષિઓએ આવું જ કર્યુ હતું. તેઓ પોતે જ પ્રકાશવાન હોવાથી તેમણે પોતાના સમસ્ત ક્ષેત્રને પ્રકાશિત કરી દીધા.

કહેવાની જરૂર નથી કે આ દેશના વાસીઓ જે સમયે આધ્યાત્મિક માન્યતાઓ અને ભાવનાઓથી પ્રભાવિત રહ્યા હતા, તે કાળમાં આ ધરતી પર સ્વર્ગ ફેલાયેલુ હતું. દરેક મનુષ્યની અંદર દેવત્વ પ્રગટતું હતું અને તે લાભની લોભ લાલચથી સમસ્ત વિશ્વના લોકો ભારતવાસીઓના માર્ગદર્શન, સહયોગ અને પ્રકાશ મેળવવા માટે ઉત્સુક રહેતા હતા. આવી વિશેષતાઓને કારણે ભારતીય સંસ્કૃતિ સમસ્ત વિશ્વમાં સર્વોત્તમ અને આકર્ષણમય બનેલી હતી.

દીવાદાંડી ઓલવાઈ જવાથી અંધકાર ફેલાઈ જવો સ્વાભાવિક છે. જેમ જેમ ઉચ્ચ આત્મબળ સંપન્ન હસ્તિઓ ઘટતી ગઈ, તેમ તેમ જનમાનસની ઉત્કૃષ્ટતા પણ ઘટવા લાગી. આ પતનને થોડા લોકો પ્રચારત્મક સાધનો વડે રોકી શકતા ન હતા અને તેઓ રોકી પણ ન શક્યા. આપણે ભારતના દીર્ઘ ઈતિહાસ પર દ્રષ્ટિપાત કરીએ છીએ ત્યારે તે ઉચ્ચ આત્મબળ સંપન્ન આત્માઓના અવતરણ-અવસાદની સાથો-સાથ જનમાનસના ઉત્થાન અને પતન પણ જોડાયેલા જોવા મળે છે.

જ્યારે મહાપુરૂષનો જન્મ થયો છે ત્યારે કોઈ પણ યુગ ચાલી રહ્યો હોય છતાં સતયુગનું વાતાવરણ ઉત્પન્ન થયું છે. ભગવાન રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, ગાંધી વિગેરેની વિચારધારાથી કરોડો લોકો પ્રભાવિત થયા હતા. સમર્થ ગુરૂ ગોવિંદસિંહ આદિની પ્રેરણાથી લોકોએ એક એકથી ચડિયાતા ત્યાગ, બલિદાન કરવામાં હરિફાઈ શરૂ કરી હતી. થોડા દાયકા પહેલા જ ગાંધીની આંધીમાં લાખો લોકોએ જે આદર્શવાદનો પરિચય આપ્યો તેનાથી એ માન્યતા સાર્થક સિદ્ધ થઈ છે કે ઉચ્ચ સ્તરિય આત્મબળ સંપન્ન આત્માઓ જ જનમાનસની દિશા બદલવામાં સમર્થ થઈ શકે છે. મામૂલી પ્રચાર સાધનો ઉપયોગી તો છે પણ માત્ર તેના વડે જ એ દિશામાં કોઈ પ્રભાવી પરિણામ લાવી શકાતું નથી.

> **કોણ વીર, કોણ મહાવીર ?**
>
> **સાચો વીર એ છે, જે પીડિતોના રક્ષણ માટે યુદ્ધ કરે, અન્યાય સામે જઝુમે અને સંસારમાંથી અત્યાચારનું તત્વ મિટાવી દે. પરંતુ વિજય મેળવીને જે યોદ્ધા તેણા ઉપહારોને જાતે ન લેતા બીજાઓને વહેંચી દે તે વીર નહીં પણ મહાવીર છે.** -ચાણક્ય

#### પરિવર્તનનો આધાર- પ્રખર વ્યક્તિત્વ

ભાવિ નવનિર્માણમાં અધ્યાત્મની જ મુખ્ય ભૂમિકા રહેશે. પ્રભાત કાળની શુભ સૂચના લાવવાવાળી ઉષાની સાથો સાથ અન્ય પ્રયાસો પણ શરૂ થઈ ગયા છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ અને યોગી અરવિંદની તપશ્ચર્યાનું જો કોઈ રહસ્યોદ્ઘાટન કરી શકે તો તેને જણાશે કે ગઈ શતાબ્દીની સમસ્ત રાજનૈતિક અને સુધારાત્મક ચેતનાઓનું સૂત્ર સંચાલન આ બે દિવ્યાત્માઓએ કર્યુ હતું.

કઠપૂતળી કેટલીયે પડદા પર આવતી-જતી રહી અને તેના વિભિન્ન અભિનય લોકોમાં ઉત્સાહ ઉત્પન્ન કરતા રહ્યા પણ તેના દોરા એ આત્મબળ સંપન્ન મહામાનવો દ્વારા જ સંચાલીત થતા રહ્યા હતા. ભારતની હજાર વર્ષની ગુલામીથી મુક્ત થવું અને સુધારાત્મક ચેતનાઓનો ઉદ્ભવ આપણી સમક્ષ આ શતાબ્દીની બે મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ છે. તેનું પ્રત્યક્ષ શ્રેય કોને મળ્યું, કોને ન મળ્યું એ વિવાદમાં પડવાનું ટાળીને આપણે એ જાણી લેવું જેવું જોઈએ કે આ મહાન જાગૃતિની પાછળ કોઈ વિશિષ્ટ અવિદિત રહસ્યમય આધ્યાત્મિક શક્તિઓ પણ કામ કરી રહી હતી. આગળ ઉપર જે મહાન કાર્ય ફેલાયેલું પડ્યું છે નવાયુગનું જે નવનિર્માણ થવાનું છે તેમાં પણ આધ્યાત્મની, અધ્યાત્મબળ સંપન્ન ઉચ્ચ સ્તરિય આત્માઓની મુખ્ય ભૂમિકા હશે. પ્રત્યક્ષ શ્રેય ભલે કોઈને ઈતિહાસકારો આપતા રહે.

#### સમજો- બૂઝો પણ ભટકો નહીં

વિશ્વનું ભાવિ નવનિર્માણ માનવીય ઉત્કૃષ્ટતાના અભિવર્ધન પર આધારિત હશે તેના માટે પ્રેરક કેન્દ્ર કોઈ પણ કેમ ન હોય, તેને હજારો સહયોગિઓની જરૂરત પડશે. તેઓ ભલે ઉંચી યોગ્યતાઓ વાળા કેમ ન હોય, પરંતુ આત્મિક ઉત્કૃષ્ટતાની વિશેષતાતો અનિવાર્ય રૂપમાં હોવી જ જોઈએ. હાલમાં આવા આત્માઓના ઉત્પાદનને સૌથી મોટુ કામ માનવું જોઈએ.

પૂર્વ જન્મોની અનુપમ આત્મિક સંપત્તિ જેની પાસે સંગ્રહાયેલી છે, એવા ઘણા આત્માઓ હાલમાં મોજુદ છે. છેલ્લા ઘણા સમયથી અયોગ્ય પરિસ્થિતિઓમાં પડ્યા રહેવાથી ફોલાદી તલવારો પર પણ કાટ લાગી ગયો છે. આ કાટને ઘસી કાઢવાની પ્રક્રિયા યુગનિર્માણ યોજના દ્વારા પ્રસ્તુત કરવામાં આવતા કાર્યક્રમો અંતર્ગત ચાલી રહી છે. આશા કરવી જોઈએ કે આવનારા થોડા વર્ષોમાં આ પ્રયોજન પૂરૂ કરવામાં આવશે. હાલમાં જે વ્યક્તિઓ બિલકુલ સાધારણ સ્તરના જોવા મળે છે અને જેમનાથી કોઈ મોટા કામની શક્યતા નથી જોવા મળતી, એવા કેટલાય વ્યક્તિ અસાધારણ પ્રતિભા અને ક્ષમતા લઈને કાર્યક્ષેત્રમાં ઉતરશે અને નવનિર્માણના મહાન કાર્યો કે જે આજે માત્ર સ્વપ્ન જેવું દેખાય છે તેને કાલે મૂર્તિમાન સચ્ચાઈના રૂપમાં રજુ કરવા માટે આગળ આવશે.

મનુષ્યના આવરણની પાછળ પ્રસુપ્ત સ્થિતિમાં એક પ્રબળ દેવતા હાજર છે તેને જગાડી શકાય તો પછી અસંભવ જેવી કોઈ વાત બાકી નહી રહે. દેવત્વના જાગરણનો અમારૂ વર્તમાન અભિયાન સંસારનું ભાવનાત્મક નવનિર્માણ કરવા માટે સફળ રહેશે કારણ કે તેનો આધાર છિછરા અને તુચ્છ સાધનો નહીં પરંતુ આત્મશક્તિના એવા પ્રયોગો રહેશે જે વખતોવખત અસંખ્ય વાર સફળ થતા રહ્યા છે. (ક્રમશઃ)

**પહેલા મનુષ્ય ભોગોને ભોગવે છે, પછી ભોગ મનુષ્યને ભોગવે છે.**

# વિભિન્ન જ્ઞાતિ સંગઠનો દ્વારા પણ આપવામાં આવે યુગઋષિને સાર્થક શ્રદ્ધાંજલિઓ

## પ્રગતિશીલ જ્ઞાતિ સંગઠનોના માધ્યમથી મજબૂત આદર્શ સમાજની રચના કરવામાં આવે

### ઋષિની વ્યાપક દૃષ્ટિ

દેવ ભાષા સંસ્કૃતનું એક સૂત્ર છે-'**ऋषयः दृष्टारः**' અર્થાત ઋષિગણ દૃષ્ટા (વ્યાપક દૃષ્ટિથી સંપન્ન) થાય છે. મનુષ્ય અને સમાજની વિભિન્ન ક્ષમતાઓનું બરાબર આંકલન કરી તેના દુરુપયોગથી બચાવી સદુપયોગમાં લગાવવાની અસાધારણ દૃષ્ટિ તેમની પાસે હોય છે. યુગઋષિએ પણ આ અદ્ભુત ક્ષમતાનો વિલક્ષણ સાર્થક પ્રયોગ જીવનભર કર્યો. મનુષ્યના પીડા-પતનના મૂળ કારણોને દુર્બુદ્ધિ તથા દુષ્કર્મના રૂપમાં દર્શાવી તેના સ્થાન પર સદ્બુદ્ધિ (ગાયત્રી વિદ્યા) તથા સત્કર્મ (યજ્ઞ વિજ્ઞાન)ને સ્થાપિત કર્યા. સમાજ નિર્માણ માટે વ્યક્તિ તથા પરિવાર નિર્માણના ચરણ સમજાવવા, સામાજિક ક્રાંતિની સફળતા માટે વિચાર ક્રાંતિ તથા નૈતિક ક્રાંતિના સૂત્ર સુલજાવવા વગેરે અનેક પ્રયોગો એમની એવીજ 'દૃષ્ટા'ની ક્ષમતાના પ્રમાણ છે.

શ્રેષ્ઠ સમાજની રચના માટે તેમણે સમાજના નાના-મોટા સંગઠિત એકમોના પ્રયોગની પણ વાત કહી. નાત-જાતના નામ પર પરસ્પર ભેદ પેદા કરવાવાળી પ્રવૃત્તિઓને સમાપ્ત કરી, યુગ નિર્માણ આંદોલનની અંતર્ગત થનારા યજ્ઞો-સમારોહો, કર્મોમાં ક્યાંય પણ નાતજાતના ભેદને વિકાર ફેલાવવાનો મોકો નથી મળી શકતો, આ એક મોટી ઉપલબ્ધિ છે.

ત્યાં બીજી બાજુ તેમણે સમાજ સુધાર, સમાજોત્થાનની વિભિન્ન યોજનાઓને સાકાર રૂપ આપવા માટે 'પ્રગતિશીલ જ્ઞાતિ સંગઠનો'ની આવશ્યકતા અને ઉપયોગિતા પર ભાર આપ્યો. તેમણે સમજાવ્યું કે દુરુપયોગ કરવામાં આવે તો દૂધ-મધ જેવા અમૃતતુલ્ય પદાર્થ પણ ઝેરની જેમ ઘાતક સાબિત થઈ શકે છે તથા જો સદુપયોગ કરવામાં આવે તો ધતુરો, અફીણ જેવા ઝેરીલા પદાર્થોને પણ દવાના રૂપમાં પ્રયોગ કરી શકાય છે. જ્ઞાતિ સંગઠનો દેશના દરેક ભાગમાં ખૂબ મોટી સંખ્યામાં છે તથા તેમનું સામર્થ્ય પણ ખૂબ છે. એ સંગઠનોના પ્રગતિશીલ વિચારના વ્યક્તિઓને પ્રેરિત કરી એ સમાજોમાં ફેલાયેલ તમામ દુષ્પ્રવૃત્તિઓ, કુરિવાજોને દુર કરવા તથા એમનામાં શ્રેષ્ઠ સંસ્કારોના જાગરણ માટે ખૂબ જ મોટા સાર્થક પગલા ઉઠાવી શકાય છે. એ માટે તેમણે એક માર્ગદર્શક પુસ્તક પણ પ્રકાશિત કર્યુ 'પ્રગતિશીલ જાતીય સંગઠનોં કી આવશ્યકતા'.

### વિકાર હટાવો, સંસ્કાર જગાવો

સમાજમાં વ્યાપક પરિવર્તન લાવવા માટે સમાજની નાની-મોટી વિભિન્ન શાખાઓના માધ્યમથી સાર્થક-સફળ પ્રયોગ કરી શકાય છે. જાતિ-સંપ્રદાય વગેરેના તમામ સંગઠન બન્યા છે. એમાંથી અનેક ખૂબ સમર્થ પણ છે. એમની શક્તિનો ઉપયોગ પણ લોકમંગલના પ્રયાસોને ગતિશીલ બનાવવા માટે કરવો જરૂરી છે.

એમનું કથન છે કે જાતીયતામાં અનેક દોષો પણ હોઈ શકે છે, પરંતુ એના નાતે પરસ્પર પોતાપણાનો એક મોટો સમર્થ ભાવ પણ જોડાયેલો છે. કોઈ પણ મોટું પરિવર્તન પોતાપણાના નાતે જ કરી શકાય છે. જેમ કાંટાથી કાંટો કાઢવામાં આવે છે, ઝેરથી ઝેરને કાપી શકાય છે, એ જ રીતે જાતીય સંગઠનોના માધ્યમથી જ જાતિ-વર્ગોમાં ફેલાયેલ તમામ કુરિવાજો-દુષ્પ્રવૃત્તિઓને દૂર કરવા તથા સુસંસ્કારોને જાગૃત કરવાનો સાર્થક અને સફળ પ્રયોગ કરી શકાય છે.

જૂન સન ૧૯૬૫માં યુગઋષિએ પ્રગતિશીલ જ્ઞાતિ સંગઠનોના સંદર્ભમાં પહેલું સંમેલન બોલાવ્યું હતું. એમાં તેમણે પરિજનોની અનેક શંકાઓનું સમાધાન કર્યું હતું. એક પ્રશ્ન એ ઉઠ્યો હતો કે આપણે જ્યારે જાતીયતાને અનુચિત માનીએ છીએ, તો પછી જાતીય સંગઠનોને મહત્ત્વ કેમ આપીએ?

ઉપરોક્ત પ્રશ્નનું સમાધાન તેમણે આ રીતે આપ્યું હતું. જો કોઈ વ્યક્તિ કોઈ અકસ્માતથી કોઈ કુવા અથવા નાળામાં પડી ગયો હોય, તો તેને બહાર કાઢવા માટે પણ સમર્થ વ્યક્તિઓને એમની સુધી પહોંચાડવા પડે છે. પડવાવાળો અને કાઢવાવાળો બન્ને દૂરથી એક જ સ્થિતિમાં દેખાય છે, પરંતુ વાસ્તવમાં એમાં મોટું અંતર હોય છે. જાતીય સંગઠન છે, આ સત્યને નકારી શકાતું નથી. તેમણે રુઢિવાદીઓના હાથમાં જ ફસાવી રાખવા ઉચિત નથી. તેઓ તો સંમેલનોમાં ભેદ અને અહંકાર વધારનારી વાતો જ કરશે, સંકીર્ણ સ્વાર્થોની પૂર્તિના જ તાણાવાણા વણશે, પરંતુ જો વિચારશીલ વિવેકવાન લોકો એમની વચ્ચે જઈને પ્રગતિશીલ વિચારોને મહત્ત્વ આપે, સુધારવાદી ઠરાવ પસાર કરાવશે, તો ક્રમશઃ આદર્શ સમાજની દિશામાં ખૂબ જ ઉલ્લેખનીય કાર્ય કરી શકાશે.

### એમની આશા અને આપણી હાલત

યુગઋષિએ તમામ પ્રતિભાશાળીઓથી એવી આશા રાખી છે કે તેઓ પોતાની પ્રતિભા-ક્ષમતાનો ઉપયોગ સામાજિક રિવાજોના નિવારણ તથા સામાજિક સત્પ્રવૃત્તિઓના જાગરણ માટે કરે. સમાજમાં વ્યાપ્ત તમામ કુરિવાજો, અંધ વિશ્વાસો, મૂઢ માન્યતાઓના નિવારણ માટે પ્રયાસ કરવો ખૂબ જ જરૂરી છે. એ જ રીતે શ્રેષ્ઠ વ્યક્તિત્વ ઘડનારી સુસંસ્કારી પરંપરા સ્થાપિત કરવી પણ જરૂરી છે. આ બન્ને કાર્ય જ્ઞાતિ સંગઠનોના માધ્યમથી સારી રીતે કરી-કરાવી શકાય છે.

જો વિભિન્ન જાતીય સંગઠનો સાથે જોડાયેલ પ્રાણવાન પરિજનો પોતાના પ્રભાવથી પ્રગતિશીલ જ્ઞાતિ સંમેલનો યોજીને ધીમેધીમે કુરિવાજોને દૂર કરવા તથા સત્પ્રવૃત્તિઓને ધારણ કરવાનો પ્રસ્તાવ રજૂ કરાવે, તેને સમાજમાં લાગૂ કરાવે, તો નિશ્ચિત રૂપથી યુગઋષિના શ્રીચરણોમાં એક મહત્ત્વપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પિત કરી શકશે. એના વિશેષ સ્નેહ-અનુદાન, અનુગ્રહના અધિકારી બની શકશે.

આજે યુગ નિર્માણ આંદોલનનો ઘણો વિસ્તાર થઈ ચૂક્યો છે. તમામ જ્ઞાતિ સંગઠનોમાં પ્રગતિશીલ વિચારવાળા પરિજનો પ્રભાવશાળી સ્થિતિમાં છે. યા તો તેઓ સ્વયં એ જ્ઞાતિ સંગઠનોના મહત્ત્વપૂર્ણ હોદ્દા પર છે અથવા હોદ્દેદાર વ્યક્તિઓને પ્રેરિત-પ્રભાવિત કરવામાં સમર્થ છે. તેમણે યુગઋષિના જન્મશતાબ્દી વર્ષમાં આ દિશામાં મહત્ત્વપૂર્ણ કદમ ભરવા જોઈએ.

### સશક્ત શરૂઆત કરો

આપણે યુગઋષિની જન્મશતાબ્દીના અવસર પર તેમને પ્રસન્નતા પ્રદાન કરવા વાળા અમુક કાર્ય કરી તેમના પ્રત્યે આપણી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ઉત્સાહિત છીએ. એમના માટે તમામ સૂત્રો પર પ્રકાશ ફેંકવામાં આવતો રહે છે. પરિજનોએ એના આધારે અનેક લક્ષ્ય નિર્ધારિત પણ કરી લીધા છે. એમની સાથે જ અમુક સમર્થ પરિજનોએ યુગ નિર્માણને ગતિ આપવા માટે પ્રગતિશીલ જ્ઞાતિ સંમેલનોનો ક્રમ આરંભ કરવા માટે સાહસ અને વિવેકપૂર્વક આગળ આવવું જોઈએ. આ ક્રમ નાના-મોટા રૂપમાં જન્મશતાબ્દી વર્ષથી જ પ્રારંભ કરી દેવામાં આવે. એક-એક કરીને સુધારવાદી વિકાસપૂર્ણ પ્રસ્તાવોને પસાર કરાવવા તથા તેને સમાજમાં લાગૂ કરાવવાના પ્રેરક કદમ ધીરે-ધીરે વધારી શકાય છે. જેમ કેઃ-

**(૧) વિવાહોન્માદથી મુક્તિ** :-ભારતીય સમાજમાં લગ્નોના સંદર્ભમાં ગાંડપણ જેવી સ્થિતિ પેદા થઈ જાય છે. વિચારશીલ, સભ્ય કહેવડાવનારા લોકો પણ આવા ગાંડપણમાં આવી જઈને વિવેકહીન તથા અનગઢ રીવાજોમાં ફસાઈ જાય છે. આ પ્રકારનું ગાંડપણ-અવિવેકની અનેક બાબતોમાં ચાલી રહ્યું છે-જેમ કેઃ-

➤ **દહેજ**-પિતા પોતાના દિકરાને પોતાની સંપત્તિનો થોડો ભાગ આપે છે, તો દિકરીઓને પણ આપવો ઉચિત છે. તેને દિકરીનું સ્ત્રીધન માનવું ઉચિત છે. જો વર અથવા વર પક્ષના વ્યક્તિ પોતાની ગરિમા ભૂલીને ભિખારીની જેમ કંઈને કંઈક માંગે છે અથવા આતંક ફેલાવીને વસૂલ કરવાનો પ્રયાસ કરે છે, તો તે દરેક રીતે અવાંછનીય-નિંદનીય કાર્ય જ કહી શકાય છે.

➤ **કરિયાવરઃ**-વર પક્ષ કન્યા માટે પ્રસન્નતા પૂર્વક કંઈક વસ્ત્ર અથવા આભૂષણ આપે છે, તો તેનું કંઈક ઔચિત્ય હોઈ પણ શકે છે? પરંતુ જ્યાં કરિયાવળ માટે દબાણ કરવામાં આવે અથવા તેનો દેખાડો કરવામાં આવે, તો તેને ઉચિત નથી કહી શકાતું. એનાથી કોઈની અંદર મિથ્યાઅહંકાર તથા કોઈની અંદર અકારણ આત્મહીનતાનો ભાવ વધે છે. બીજાની ઉપર એવું જ કરવાની પરંપરા જાણ્યે-અજાણ્યે લાદવામાં આવે છે.

➤ **દેખાડો**:-લગ્નની સાથે સરસ ઉત્સાહ જોડાય એ તો બરાબર છે, પરંતુ દેખાડા તથા અપવ્યયનું જે પાગલપણું જોવા મળે છે, તે ખૂબ જ ભયંકર અને પીડાદાયક હોય છે. એના સંદર્ભમાં યુગઋષિએ લખ્યું છેઃ-

*''આવા આનંદ-કિલ્લોલના પ્રસંગે મંગળગીતો, નાસ્તા-પાણી, ઉત્સવો, ભેટસોગાદ જેવા નાના-મોટા રીત-રીવાજો કરવામાં આવે, તો ઉચિત પણ છે. દુનિયાભરમાં આવું જ કંઈક થતું રહે છે. મિત્ર મંડળી અને હિત સંબંધિઓના વિવિધ ઉત્સાહ સંપન્ન થાય છે અને બે કલાકમાં બધું સમાપ્ત થઈ જાય છે.... ભારતમાં લગ્નોત્સવની વિશાળતા, નાણાનો વેડફાટ અને કુત્રિમતા ભરી ધૂમધામનું એવું રૂપ આપવામાં આવે છે કે જાણે આકાશમાંથી સૂરજ-ચાંદ ઉતરીને જમીન પર આવી રહ્યા છે! એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દેવામાં આવે છે અને એ દિવસોમાં લોકો પાગલ જેવી મનઃસ્થિતિમાં પહોંચી જાય છે. ઘર, પરિવારનું શિક્ષણ, તંદુરસ્તી, દવા-દારૂ, વ્યવસાય વગેરેની ઉપેક્ષા કરીને પણ ધૂમધામમાં આ રીતે ધન ખર્ચ કરવામાં આવે છે જાણો કે આ બધું મફતનું અને હરામનું ક્યાંકથી મળી ગયું ન હોય.''*

દલીલ એવી કરવામાં આવે છે કે પૈસા છે તો ખર્ચ કરવા માટે જ છે ને? આ દલીલ અવિવેક સંગત છે. અમુકની પાસે પૈસા છે, તો પરંપરા બનાવી દે છે, પછી અન્ય અસમર્થોના માટે તે લાચારી બની જાય છે. જો પૈસા છે, તો તેને વર-કન્યાના ભવિષ્ય માટે સુરક્ષિત રાખીને, ગરીબ કન્યાઓના વિવાહ કરાવીને, ગરીબ તેજસ્વી બાળકોને સ્કૉલરશિપ આપીને, વર-કન્યાના નામે આરોગ્ય કેન્દ્ર ખોલાવીને આવા વિવિધ કાર્યોમાં નાણાં વાપરી શકાય છે. એવા કાર્યોથી મેળવેલ યશ લાંબા સમય સુધી ફેલાય છે, જ્યારે કે પ્રદર્શનના ધૂમ-ધડાકાને લોકો થોડા દિવસોમાં જ ભૂલી જાય છે.

➤ **સંસ્કારને મહત્ત્વઃ**-ઉપરોક્ત ત્રણે કુરિવાજો પર લગામ લગાવવાનું કામ પ્રગતિશીલ જ્ઞાતિ સંગઠનો ખૂબ જ સારી રીતે કરી શકે છે. તેની સાથે વિવાહ સમારોહથી ભિન્ન વિવાહ સંસ્કારને યજ્ઞીય વાતાવરણમાં કરવાની પહેલ કરી શકાય છે. ધર્મતંત્રથી લોકશિક્ષણ પ્રક્રિયાની અનુરૂપ સામૂહિક વિવાહ આયોજનોથી સંસ્કારની દિવ્યતા અને ઓછા ખર્ચમાં સમારોહની ભવ્યતા સહજ જ દેખાઈ આવે છે. કેટલાક સંગઠન આ દિશામાં સફળ પ્રયોગ કરી પણ રહ્યા છે.

➤ **બે મોઢાવાળી નીતિ ન ચાલે**-મધ્યમવર્ગીય પરિવારોમાં ખાસ કરીને એવું જોવા મળે છે કે કન્યાના વિવાહના સમયે તો આદર્શની વાત કરવા લાગે છે પરંતુ દિકરાના લગ્ન સમયે આવા રિવાજોને લાગૂ કરવામાં આવે છે. જાતીય સંગઠન ઈચ્છે તો આ બે મોઢાવાળી નીતિને નાબુદ, પ્રતિબંધિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કાર્ય કરી શકે છે.

➤ **પસંદગીના ધોરણો સુધરેઃ**-વર-કન્યાની પસંદગી માટે આજકાલ ખૂબ જ સંકીર્ણ ધોરણો પ્રચલિત છે. જ્ઞાતિઓમાં પણ પેટાજ્ઞાતિઓનો પ્રશ્ન, કુંડળીની લપછપ, ગુણથી વધારે રૂપ અને ધનને મહત્ત્વ આપવું, વિવાહો માટે મુહૂર્તનું બંધન વગેરેમાં ઉચિત ફેરફાર કરવા જરૂરી છે. આદર્શ લગ્નોના સંદર્ભમાં યુગઋષિએ ખૂબ જ સ્પષ્ટ લખ્યું છેઃ- જેમ કે

➤*કજોડા લગ્નો ન થવા દેવામાં આવે, લગ્ન પરિપક્વ ઉંમરમાં જ કરવા-કરાવવામાં આવે, વરની ઉંમર અને શિક્ષણ કન્યાથી વધારે હોવું જરૂરી નથી. પેટાજ્ઞાતિઓના બંધન તોડવામાં આવે, સંબંધની ઘનિષ્ટતા વધારવામાં આવે.*

➤*વર કન્યાના ગુણ, દોષ મેળવવા માટે પંચાંગની નહીં, લૌકિક પૂછપરછ તથા નિજીકના સગાંવહાલાઓ પાસે તપાસ કરાવવાની આવશ્યકતા છે બન્ને પરિવારોનું સામાજિક, માનસિક સ્તર શું છે? છોકરા-છોકરીનો સ્વભાવ અને આદર્શ આપસમાં મળે છે યા નહીં? વગેરે વાતોના આધાર પર વિવાહ સંબંધોનું નિર્ધારણ કરવામાં આવે. આ ઝંઝટમાં ગ્રહ-નક્ષત્રોને વચ્ચે નહીં નાખવા જોઈએ. (વૈદિક તથા પૌરાણિક કાળમાં આવું જ થતું હતું.)*

➤પ્રગતિશીલ વિચારના વ્યક્તિ જાતીય સંગઠનના માધ્યમથી આ પ્રકારના અનેક સુધારા કરી શકે છે. અનેક આદર્શોને સ્થાયિ કરી શકે છે.

**(૨.) સંસ્કાર પરંપરા**:-નવી પેઢીના વધતા કુસંસ્કાર સૌના માટે ચિંતાનો વિષય છે. જ્ઞાતિ સંગઠનો દ્વારા પરિવારોમાં સંસ્કાર પરંપરાની સ્થાપના કરવા સાર્થક પ્રયાસ કરી શકાય છે. સંગઠનના ભવનોમાં, મંદિરોમાં સુગમ સંસ્કાર પ્રક્રિયા ચાલુ કરી શકાય છે. પોતાના જ સમાજના ઉત્સાહિ ભાઈ-બહેનોને કર્મકાંડ માટે તૈયાર કરી શકાય છે. વખતો-વખત સામૂહિક નામકરણ, મુંડન, યજ્ઞોપવિત વગેરે સંસ્કારોનો ક્રમ ચલાવી શકાય છે.

**(3.) નશા વિરોધ**-નશાનું પ્રાણઘાતક પ્રચલન વધી રહ્યું છે. વિજ્ઞાન અને માનવતાના સિદ્ધાંતો પર કઢંગા રિવાજો છવાઈ રહ્યા છે. આ પ્રવૃત્તિ પર રોક લગાવી શકાય છે. આવા વિચાર, પ્રેરક ઉદ્બોધન, પ્રદર્શન, સેમીનાર, સંકલ્પ સત્રો દ્વારા એની વિરુદ્ધ વાતાવરણ બનાવી શકાય છે.

**(૪.)**આ રીતે મૃતક ભોજ, અંધ વિશ્વાસો, બેઢંગી ફેશનપરસ્તી, ભાગ્યવાદ વગેરેથી સમાજને મુક્ત કરાવી પ્રગતિનો લૌકિક તથા આધ્યાત્મિક માર્ગ મોકળો કરી શકાય છે.

પ્રાણવાન પરિજન જો પોત-પોતાના પ્રભાવ ક્ષેત્રોમાં પ્રગતિશીલ જ્ઞાતિ સંમેલનોની લહેર પેદા કરી શકે, તો એને યુગઋષિ પ્રત્યે તેઓની એક મહત્ત્વપૂર્ણ શ્રદ્ધાંજલિ કહી શકાશે. એને થોડા નૈષ્ઠિક પ્રયાસોથી જ પ્રભાવશાળી બનાવી શકાય છે. **(ક્રમશઃ)**

# જ્ઞાન યજ્ઞને ગતિ આપી રહેલ નવયુગના શ્રવણકુમાર

## આસો નવરાત્રી અનુષ્ઠાન નિમિત્તે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

**નારણપુરા (અમદાવાદ)**

તા-૨૨ ઓક્ટોમ્બર ૨૦૧૦ના રોજ આસો નવરાત્રી નિમિત્તે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું.


યજ્ઞમાં ભાગ લઈ રહેલ પરિજન ભાઈ-બહેન

મુખ્ય સમાચાર નિયામક શ્રી જયંતભાઈ પંચાલ સાહેબ તથા અશોકભાઈ પાઠક સાહેબે હાજરી આપી હતી જેઓનું સ્વાગત શાખાના સંચાલક શ્રી કનુભાઈ પટેલે કર્યુ હતું.

૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞામાં ઉપસ્થિત જનમેદનીને પરમ પૂજ્ય ગુરૂદેવનો સંદેશ આપવામાં આવ્યો હતો ઉપરાંત તા- ૨૪ ડીસે. થી ૨ જાન્યુઆરી સુધી થનારા પુસ્તક મેળામાં અડધી કિંમતે સાહિત્ય મેળવવા અને પરમ પૂજ્ય ગુરૂદેવ રચિત સાહિત્ય જે સમાજના દરેક વર્ગના પ્રશ્નોના સમાધાન માટે ઘણું ઉપયોગી છે તેમ જણાવવામાં આવ્યું. વર્ષ ૨૦૧૦ના જાન્યુઆરી થી ઓક્ટોમ્બર સુધીના અંકોનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. કનુભાઈ ગોસ્વામી દ્વારા અડધી કિંમતે સાહિત્ય વેચાણ અર્થે મુકવામાં આવ્યું હતું.

એલ.આઈ.સી. અધિકારી શ્રી મુકુંદભાઈ કારીયા, કુદરતી ઉપચારક શ્રી અમૃતભાઈ પટેલ, અંબાજી ગાયત્રી તીર્થના શ્રી સોમાભાઈ પટેલ તેમજ મંગલમૂર્તિ રાણીપ શાખા, ચાંદલોડીયા વગેરે શાખાઓના અગ્રગણ્ય કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. કાર્યક્રમને અંતે ભોજન પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગરીબ બાળકોને ભોજનની સાથે ફુટપટ્ટી, પેન્સિલ, રબર, નિ:શુલ્ક આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા બહેનોએ કળશ સ્થાપન સાથે વિરાટ પુસ્તકમેળામાં તથા યજ્ઞમાં ભાગ લેવા તેમજ દોષ દુર્ગુણ છોડવાના ફોર્મનું વિતરણ કર્યુ હતું.

અત્રે જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રી અનુષ્ઠાન નિમિત્તે સંસ્કારો તેમજ નિ:શુલ્ક આંખોની તપાસ, રાહત દરે ચશ્મા વિતરણ, સાંધાના દુ:ખાવાના દર્દીઓ માટે એક્યુપ્રેશર સારવાર તેમજ તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા વાસ્તુશાસ્ત્રી શ્રી દિગ્રેશ રાવલ દ્વારા રૂબરૂમાં લોકોને મુલાકાત સાથે સમસ્યાઓનું સમાધાન બતાવવામાં આવ્યું. આવનારા દર્શનાર્થીઓ વિગેરેએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. યજ્ઞમાં લગભગ ૫૦૦ જેટલા ભાઈ-બહેનોએ પોતપોતાની આહુતિઓ સમર્પિત કરી હતી.

કાર્યક્રમમાં શ્રી સાધુરામભાઈ આચાર્યએ હાજર રહીને સૌને પરમ પૂજ્ય ગુરૂદેવે આપેલું જ્ઞાન જનજન સુધી પહોંચાડવાનું તેમજ ગાયત્રી મહાવિજ્ઞાન વિષે સમજ આપી હતી. ટીફીન સેવાના ઉપપ્રમુખશ્રી બળવંતભાઈ વ્યાસે હાજર રહીને માનવતાના કાર્યમાં સહયોગી થવા સૌને અપીલ કરી હતી કે અન્નદાન મહાન છે. કાર્યક્રમમાં દૂરદર્શનના

## પ્રજ્ઞા પુરાણ કથા અને પુસ્તક મેળાનું ભવ્ય આયોજન

**કપડવંજ (ખેડા)**



વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ કપડવંજ દ્વારા પુસ્તક મેળાનું અને પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞા પુરાણ કથાનો લાભ આશરે ૨૦ હજાર ભાઈ-બહેનોએ લીધો હતો. પુસ્તક મેળામાં લગભગ ૪ લાખ રૂપિયાના સાહિત્યનું વેચાણ થયુ હતું. પુસ્તક મેળાનું ઉદ્દ્ઘાટન કપડવંજના મામલતદાર શ્રી જાની સાહેબના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ મેળાની વિશેષતા એ રહી કે બધું જ સાહિત્ય કપડવંજના દાતાઓ દ્વારા બ્રહ્મભોજના રૂપમાં કરવામાં આવ્યું હતું. પુસ્તક મેળાની મુલાકાતમાં આવેલ દરેક ભાઈ-બહેનોને એક-એક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવ્યું હતું.

શ્રી જશુભાઈના માર્ગદર્શન હેઠળ ગાયત્રી પરિવારના પરિજન ભાઈ-બહેનોના અથાગ પરિશ્રમે આ આયોજનને સફળ બનાવ્યું હતું.

## વં.માતાજીની પૂણ્યતિથી પર મેંટલ હોસ્પિટલમાં કાર્યક્રમ

**માધાપર (કચ્છ)**

વંદનીય માતાજીની સત્તરમી પૂણ્યતિથી માં ભગવતી ગાયત્રી પરિવાર મહિલા શાખાના પરિજનોએ વિશીષ્ઠ રીતે ઉજવી હતી. આ દિવસે ભૂજની મેંટલ હોસ્પિટલના માનસીક રોગી-દર્દીઓને ફળ-બિસ્કીટ વિગેરે ખાદ્ય સામગ્રીનું પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહિ પરંતુ દર્દીઓના સ્વાસ્થ્યમાં સુધારો થાય તેવો મા ગાયત્રી અને પરમ પૂજ્ય ગુરૂદેવને ગાયત્રીમંત્ર, મહામૃત્યુંજય મંત્ર તેમ જ સ્વસ્તિવાંચન સાથે શાન્તિપાઠ કરવામાં આવ્યો હતો. આ પ્રકારે પ્રાર્થના કરતાં હોસ્પિટલના સુપ્રિટેડિન્ટ ડૉ. સાહેબ તથા સ્ટાફના સાથી-મિત્રો ખૂબજ પ્રભાવિત થયા હતા. આ પ્રકારના કાર્યક્રમ કરવા માટે નિમંત્રણ પણ પાઠવ્યું હતું.



કાર્યક્રમને સફળ બનાવવા માટે હંસાબેન ભટ્ટ, પ્રવિણાબેન વઘાડીયા, રમીલાબેન સાધુ, શારદાબેન સોંડાગર, નિતિશા દવે, શામુબેન ખેતાણી, પરાગભાઈ, સુરેશ સાધુ, બાબુભાઈ સોંડાગર, શ્રી દિનેશ દવે, શ્રી શશીકાન્ત વ્યાસ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## ઓલ ઈન્ડીયા સીનીયર સીટીઝન સંમેલન

**વૃંદાવન (ઉ.પ્રદેશ)**

ઓલ ઈન્ડિયા સીનીયર સીટીઝનનું સંમેલન વૃંદાવન-મથુરા ખાતે 'અક્ષયપાત્ર'માં મળ્યું. જેમાં ૨૦૦૦ ડેલીગેટ્સ પધાર્યા હતા. સંમેલનનું આયોજન શ્રી પ્રદીપ માથુર (એમપીએ) મથુરા-વૃંદાવન દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્દ્ઘાટન ગાયત્રી તપોભૂમિ મથુરાના વ્યવસ્થાપક શ્રી ચૈતન્યજી સાથે ઉત્તર પ્રદેશના ગવર્નર તથા હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર સિંહ હાડાએ દીપ પ્રાગટ્ય કરીને કર્યુ હતું.

સંમેલનનો વિષય હતો **'વડીલો પોતાનો યુગધર્મ નિભાવે'**.

આદરણીય શ્રી પ્રદીપ જૈન આદિત્યનું (કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી) ઉદ્દ્બોધન નોધપાત્ર રહ્યું હતું. દેશના ૯ રાજ્યોના પ્રતિનિધિઓની હાજરી રહી હતી. ૧૬ ચેનલો દ્વારા કાર્યક્રમને તા- ૨૧ થી ૨૪ ઓક્ટોમ્બર દરમ્યાન દેખાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જાહેર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી જેમાં બારડોલી ગાયત્રી પ્રજ્ઞામંદિરના સંચાલકે સ્ટેજનું કાર્ય સંભાળી-સાહિત્ય વિતરણ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે બારડોલીના ૧૨ સીનીયર સીટીઝનોએ સહયોગ આપ્યો હતો.

## શિવપુરાણ કથાનું ભવ્ય આયોજન

**બારડોલી (ગુજરાત)**

ગાયત્રી પ્રજ્ઞામંદિર (જે.પી.નગર) તથા સુરત જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા બારડોલી સ્થિત પ્રખ્યાત જલારામ મંદિરમાં 'શિવપુરાણ કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કથા વાચન પૂ. ગીતાબા ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

દરરોજ જુદા જુદા ધાર્મિક પરિવારો, મંદિરોના ટ્રસ્ટીઓ, પ્રમુખો જુદી જુદી સંસ્થાના અગ્રણીઓ પોથી પૂજન, પરમ પૂજ્ય ગુરૂદેવ-વંદનીયા માતાજીના પૂજન તેમજ શ્રદ્ધા પૂર્વક કથા સાંભળવા માટે આવતા હતા. કથાનો લાભ આસપાસના ભાઈ-બહેનોએ લીધો હતો. આ નિમિત્તે પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વર્ષનો દિવ્ય સંદેશ તમામ ભાઈ-બહેનોને આપવામાં આવ્યો હતો, તેમજ કથામાં આવનારા તમામ ભાઈ-બહેનોને નાની પુસ્તિકા અને સદ્વાક્ય સ્ટીકર્સ ભેટમાં આપવામાં આવ્યા હતા. કથાનું સમાપન ૧૦૮ દીપયજ્ઞ દ્વારા કરવામાં આવ્યું હતું.

બારડોલી ગાયત્રી પ્રજ્ઞા મંદિર ખાતે આસો નવરાત્રીના પવિત્ર દિવસોમાં બહેનો દ્વારા જપ-તપ-જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં દરરોજ જપ તથા ચાલીસાપાઠનું સંગીતમય કીર્તન કરવામાં આવતું હતું.

શ્રાવણ માસ દરમ્યાન શિવપુરાણ કથાનું વાંચન પણ કરવામાં આવ્યું હતું. આ દિવસોમાં આસપાસના ગામો તેમજ બારડોલી શહેરમાં સ્થળે-સ્થળે ગાયત્રી દીપમહાયજ્ઞોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત શ્રદ્ધાળુ ભાઈ-બહેનોને પરમ પૂજ્ય ગુરૂદેવનું જીવન દર્શન તેમજ તેમનો દિવ્ય સંદેશ આપવામાં આવ્યો હતો.

શ્રાવણ માસ તથા આસો નવરાત્રિમાં લખાયેલ ગાયત્રી મંત્ર લેખન બુકો તેમજ ૐ નમ: શિવાય મંત્રલેખન બુકોનું પ્રતિક પૂજન કરી શિવ મંદિરોમાં તથા મથુરા તપોભુમિમાં મોકલી આપવામાં આવી હતી. દરમ્યાન ત્રણ પુંસવન સંસ્કાર, ૨ વિદ્યારંભ સંસ્કાર પણ કરવામાં આવ્યા હતા.

## સરદારકૃષિનગર ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા જન્મ શતાબ્દી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન

**સરદારકૃષિનગર (બનાસકાંઠા)**

સરદાર કૃષિનગર ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે તા- ૧ થી ૨૧ ઓગસ્ટ,૨૦૧૦ના પવિત્ર શ્રાવણ માસમાં નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

☞ પ્રજ્ઞાપુરાણ કથાનું આખા પવિત્ર શ્રાવણમાસમાં પરિવ્રાજક શ્રી અમૃતભાઈ જોષી દ્વારા રોજ ૪ થી ૫ કલાકે વાંચન કરવામાં આવ્યું. જેનો લાભ આસપાસના શ્રદ્ધાળુ ભાઈ બહેનો લેતા હતા.

☞ ત્યાંના શિવ મંદિરમાં રોજ રાત્રે ૮ થી ૯ કલાક દરમ્યાન પરિજન ભાઈ-બહેનો દ્વારા ભગવાન શિવનું પૂજન અર્ચન કરવામાં આવતું હતું. જેની પૂર્ણાહુતિ લઘુરૂદ્ર - ૧૫ કુંડીય યજ્ઞ દ્વારા કરવામાં આવી હતી. જેમાં આસપાસના ૨૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

☞ તા- ૨૬ થી ૨૯ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ બપોરે ૧ થી ૫ પરમ પૂજ્ય ગુરૂદેવ રચિત ગુરૂગીતાનું આયોજન રાખવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે કૃષિનગરની વસાહતમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ૫૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કથાની રજુઆત વક્તા શ્રીમતિ તારાબેન પંડ્યા, વડોદરા દ્વારા પ્રભાવશાળી વાણીમાં કરવામાં આવી હતી. કથાનો લાભ આસપાસના ૪૦૦-૫૦૦ પરિજન ભાઈ-બહેનોએ લીધો હતો.

## વિશેષ અનુરોધ

**પ્રજ્ઞા અભિયાન સામાન્ય સમાચાર પત્ર નથી, લોકમંગળનું એક આંદોલન છે. લાગત મૂલ્યથી પણ લગભગ અડધી કિંમતે આને વાંચકો સુધી પહોંચાડવામાં આવે છે. આવામાં આના હિતોનું પૂરે-પુરું ધ્યાન રાખવા નમ્ર અપીલ છે.**

**જ્ઞાતવ્ય છે કે કેટલાક સભ્યોની ગયા વર્ષની રાશિ હજું બાકી છે. તે પરિજનો વિશેષ ધ્યાન આપે. કોઈ પણ પ્રકારની ઉપેક્ષા કે પ્રમાદ ન કરતા પોતાની રાશિ સદસ્યતાના નવીનીકરણ માટે બની શકે તેટલી સત્વરે મોકલાવી આપે.**

## શ્રદ્ધાંજલિ



**વડોદરા (ગુજરાત) : શાંતિકુંજના જીવનદાની કાર્યકર્તા શ્રીમતી કાશીબેનન રાઠોડનું તા-૩ નવેમ્બર-ધનતેરશના શુભદિવસે વડોદરા મુકામે નિધન થયું છે. તેઓ ૧૯૯૦થી શાંતિકુંજ ગાયત્રી મંદિરમાં પોતાની સેવાઓ આપતા હતા. વંદનીય માતાજીએ તેમને જે કામ સોંપ્યું તે કામ તેઓ પૂરી નિષ્ઠા સાથે સમર્પિત ભાવથી કરતા રહ્યા. તેઓ છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્થિરતાના કારણે બિમાર રહેતા હતા. તેઓ ૭૦ વર્ષની ઉંમર ધરાવતા હતા. તેમની બે દિકરીઓ છે. (૧) હંસાબેન રાઠોડ (હાલ વડોદરા) અને (૨) ભગવતીબેન રાઠોડ (હાલ જામનગર)ની હયાતીમાં અંતિમ શ્વાસ લીધો.**

**સદ્વ્યવહાર જ પરમાત્માની સાચી પૂજા છે.**

# જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે યુવા ક્રાંતિદળ, અમદાવાદની વિવિધ ગતિવિધિઓ


યજ્ઞમાં ભાગ લઈ રહેલ ભાઈ-બહેન


યુવા ઉત્કર્ષ શિબિરમાં ભાગ લઈ રહેલ યુવાનો

### અમદાવાદ (ગુજરાત)

તા- ૧૪મી સપ્ટેમ્બર,૨૦૧૦ના રોજ માધવપુર(ઘેડ), પોરબંદર, ગુજરાતના 'ગોકુળ' આશ્રમમાં અમદાવાદ ગાયત્રી પરિવાર યુવા ક્રાંતિદળના યુવાનો દ્વારા યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો. માધવપુર ઘેડ- એક સમયે ભુ માફીયા દ્વારા તેની વનરાજી તથા જમીનનું ખુબ જ નુકસાન કરવામાં આવ્યું હતું, ત્યાં આવેલ શ્રી ઓશો રજનીશ આશ્રમ દ્વારા આજુ બાજુના જંગલ વિસ્તારને છેલ્લા પાંચ વર્ષથી ખુબ જ મહેનત કરી નવપલ્લવિત અને હર્યોભર્યો બનાવવામાં આવ્યો છે. શ્રી ઓશો રજનીશ આશ્રમના વ્યવસ્થાપક સ્વામી બ્રહ્મવેદાંતજીએ ગાયત્રી પરિવારના યુવા કાર્યકર્તાઓ દ્વારા જ યજ્ઞીય કાર્ય સંપન્ન કરાવવા માટેનો આગ્રહ રાખ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે એ ભુમિ પર 'પુજ્યશ્રી વિમલાતાઈ ઠક્કર કે જેઓ શ્રી વિનોબાજીના ભુદાન યજ્ઞમાં સતત સાથે રહીને મહત્વની ભુમિકા ભજવી હતી, તેમજ આબુ શિવકુટીરમાં રહીને અધ્યાત્મિક લોક જાગૃતિના અનેક અભિયાન ચલાવ્યા હતા તેઓ દ્વારા યુવા વર્ગની શિબિરો માધવપુરના આ સ્થળે નિયમિત થતી રહેતી હતી. આ ઉપરાંત સદ્‌ગૃહસ્થ પુજ્ય તાવરીયાજી દ્વારા શ્વાસોચ્છવાસમાં ગાયત્રી મંત્રનું રટણ કરવાની પધ્ધતિ બતાવી લયબધ્ધ શ્વસન દ્વારા ગાયત્રી મંત્રના સતત જપનું ક્રિયા નિર્દેશન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગૌતમભાઈ ભટ્ટ, ભાવેશભાઈ કાનાબાર તથા શ્રીમતિ જ્યોતિબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

### યુવા ઉત્થાન શિબિર
### મઢી, ખેડા

ગાયત્રી પરિવાર, યુવા ક્રાંતિદળ ગુજરાતના યુવાનો દ્વારા તા. ૧ થી ૩ ઓક્ટોમ્બર, ૨૦૧૦ દરમ્યાન પુજ્ય આત્મારામ મહારાજની મઢી, ખેડા ખાતે ગાયત્રી પરિવાર તથા શ્રી સ્વામીનારાયણ આર્ટસ કોલેજ, શાહઆલમ, અમદાવાદના યુવાનોને લઈને એક યુવા ઉત્થાન શિબિરનુંં આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના પ્રથમ દિવસે સાંજે યુવાનોને શિબિરની માહીતિ આપવામાં આવી હતી. બીજા દિવસે સવારના ધ્યાન પછી યોગીક લયબદ્ધ શ્વસન ક્રીયાની કસરત દ્વારા કેવી રીતે ચુસ્ત-સ્ફુર્તીમાં રહેવાય છે, સાથે સાથે આપણા સુક્ષ્મ શરીરનું શુદ્ધિકરણ પણ થતું રહે તે માટેનું વિશેષ માર્ગદર્શન શ્રી ભરતભાઈ સોની દ્વારા આપવામાં આવ્યું હતું. ચા-નાસ્તાના વિરામ પછી શિબિરનો વિધિવત્ શુભારંભ પ્રો. શ્રી ઠાકોરભાઈ પટેલ એન.એસ.એસ. ઈન્ચાર્જ શ્રી સ્વામીનારાયણ આર્ટસ કોલેજ, શાહઆલમ, અમદાવાદના હસ્તે કરવામાં આવ્યું હતું. બીજા દિવસના પ્રથમ સત્રમાં શ્રી ભાવેશભાઈ કાનાબારે યુવાનોમાં સમજદારી, ઈમાનદારી, જવાબદારી અને બહાદુરીના ગુણો દ્વારા જીવન ઉત્થાન કરી શકાય તેના પર પ્રકાશ ફેક્યો હતો. બપોર પછી યુવાનો દ્વારા આશ્રમમાં સામુહિક શ્રમદાન કરવામાં આવેલ. સાંજે પુજ્ય શ્રી સેવાદાસજી મહારાજના સાનીધ્યમાં દીપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે સવારે ધ્યાન, યોગ વ્યાયામના ક્રમ પછી પ્રથમ સત્રમાં યુવાનોને હિન્દુસ્તાનનો સુવર્ણયુગ આવે છે ત્યારે આપણી શુ ફરજ બને છે, શક્તિઓનો સદઉપયોગ કરીને શ્રેષ્ઠતા તરફ આગળ કઈ રીતે વધવું તેનું માર્ગદર્શન શ્રી પિનાકીનભાઈ રાજ્યગુરૂએ આપ્યું હતુ. શ્રી રામજીભાઈ નાગરે પરમ પૂજ્ય ગુરૂદેવના ક્રાંતિકારી વિચારોને યુવાઓ સમક્ષ રજુ કર્યા હતા.

અંતમાં સંતશ્રી સેવાદાસજી મહારાજે વિદાય આપતા યુવાનો ભારતીય સંસ્કૃતિના ગૌરવ-ગરિમાને જાળવી રાખવાની હાકલ કરી હતી. તેમને જણાવ્યું કે યુવાનોને સંસ્કાર આપવા માટે વેષભુષા પણ મહત્વની છે. યુવાનો હવે પછીના કાર્યક્રમોમાં ધોતી અને ઉપવસ્ત્ર ધારણા કરીને આવે તે માટે વ્યવસ્થા બનાવવા માટે મહારાજશ્રી એ રૂ. ૫૦૦૦/- ગાયત્રી પરિવાર યુવા ક્રાંતિ દળને તાત્કાલીક સુપ્રત કર્યા હતા, યુવાનોએ પણ સંકલ્પ કર્યો હતો કે હવે પછી જે કોઈ શિબિરમાં ભાગ લેશે તેમાં ધોતી અને ઉપવસ્ત્ર ધારણ કરીશું. પુજ્યવરની ઈચ્છા મુજબ ગાયત્રી પરિવાર યુવા ક્રાંતિદળે તાત્કાલિક ૨૪ સેટ ધોતિ અને ઉપવસ્ત્ર વસાવી લીધા હતા.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ગાયત્રી પરિવાર યુવા ક્રાંતિદળ હંમેશા યુવાનને લગતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને સતત કાર્યક્રમો યોજીને નવા નવા વિસ્તાર અને નવીજ વ્યક્તિઓ પાસે યુગ સંદેશ પહોંચાડે છે. શિબિરના અંતમાં દરેક શિબિરાર્થીઓને પુજ્યવરનું સાહિત્ય ભેટમાં આપવામાં આવેલ. શિબિર માં બે મુસ્લીમ યુવાનોએ પણ ભાગ લીધો હતો. ધ્યાન, મંત્ર, જપ, દિપયજ્ઞની તૈયારી સહિત દરેક કાર્યમાં આ યુવાનો જોડાયા હતા, પોતાના પ્રતિભાવમાં ગાયત્રી પરિવારની આવી પ્રવૃત્તિની ખુબ જ પ્રશંસા કરી હતી તેમજ શિબિરમાં ભાગ લીધા બદલ પોતાને ધન્ય માન્યા હતી.

## વાંચે ગુજરાત - વંચાવે ગાયત્રી પરિવાર
# યુગ સાહિત્યને જન-જન સુધી પહોંચાડી રહ્યા છે યુવા ક્રાંતિદળના યુવાનો

દરેક વ્યક્તિને વાંચન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે ગુજરાતના આ સ્વર્ણીમ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત સરકાર દ્વારા વાંચે ગુજરાતનું એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત તા-૩૦મી ઓક્ટોમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં સવારે ૯ થી ૧૦ દરમ્યાન સ્કુલો, કોલેજો, પુસ્તકાલયો, સરકારી કચેરી, જાહેર બાગ બગીચાઓમાં સામુહિક રીતે જ્ઞાન વૃદ્ધિ થાય તેવા સાહિત્યના વાંચનનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાનમાં સમગ્ર ગુજરાતમાં એક સાથે એક જ સમયે ૬૦ લાખથી વધુ વ્યક્તિઓ જાહેર સ્થાનોએ બેસીને વાંચન કર્યુ હતું જેને એક વિશ્વ વિક્રમ પણ કહી શકાય. તે અંતર્ગત પરમ પૂજ્ય ગુરૂદેવના સાહિત્યને અનેક લોકો પહોંચાડવાની આ તક ગાયત્રી પરિવાર ક્રાંતિદળ, ગુજરાતના યુવાનોએ ઝડપી લીધી હતી. તેઓ એ ઠેર-ઠેર જાહેર સ્થાનો, મંદિરો, બસ સ્ટેન્ડ વગેરે જગ્યાઓએ વહેલી સવારે પહોંચી જઈને અસંખ્ય પોકેટ બુકોનું, સ્ટીકરો તથા યુગ નિર્માણ સત્સંકલ્પનું વિતરણ કરવામાં આવેલ તથા સતત ધ્યાન દોરવામાં આવેલ કે યુગઋષિ દ્વારા રચિત આ જીવન ઉપયોગી સાહિત્ય વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત આપવામાં આવે છે.

આ અભિયાનમાં યુવાનોને સાથ આપતા મિશનના વડીલો શ્રી પદ્‌મકાંતભાઈ જોષી, શ્રી રામજીભાઈ નાગરે ખડે પગે ઉભા રહીને ખભેથી ખભા મિલાવીને આ વિશેષ તકને અવસરમાં પલટાવી દીધી હતી. યુવાનો દ્વારા અગાઉથી વિવિધ સ્કુલોમાં સંપર્ક કરીને યુગ સાહિત્ય પહોંચાડી દેવામાં આવેલ કે જે તા- ૩૦ના રોજ સાહિત્ય વાંચનના કામમાં આવે. ખરેખર ગાયત્રી પરિવાર યુવા ક્રાંતિદળના યુવાનોનું આ કાર્ય બધાજ યુવાનો માટે પ્રેરણાદાયી છે.

**દરેક સ્કુલો, કોલેજો, પુસ્તકાલયો, સરકારી કચેરી, જાહેર બાગ બગીચાઓમાં સામુહિક વાંચન અભિયાન ચલાવ્યું**

# 'વાંચે ગુજરાત'ની સંગે ગાયત્રી પરિવાર

### વલસાડ (ગુજરાત)

ગુજરાત રાજ્યમાં ૨૦૦૧થી સતત દર વર્ષે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા લેવામાં આવે છે જેમાં દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસે છે. આ પરીક્ષાઓનો હેતુ બાળકોમાં બૌદ્ધિક, માનસિક અને વ્યાવહારિક નૈતિકતાનું સ્તર ઉંચુ લાવવાનો છે.

સોનામાં સુંગધરૂપ નામદાર ગુજરાત સરકારે પણ આ વર્ષથી 'વાંચે ગુજરાત'નામનું અભિયાન છેડ્યુ છે જેને સફળ બનાવવાનો પ્રયત્ન ગુજરાત રાજ્યની તમામ શાળાઓના શિક્ષકમિત્રો કરી રહ્યા છે.

ગાયત્રી ચેતના કેન્દ્ર વલસાડ દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવના સત્સાહિત્યને બાળકો સુધી પહોંચાડવાનું એક અનોખુ કાર્ય કરવામાં આવ્યુ છે. ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો તથા પરિજનોએ જીલ્લાની તમામ શાળાઓમાં ૬૦ પુસ્તિકાઓના ૧-૧ સેટ (રૂા. ૬૦૦/-) તેમજ યુગ સાહિત્યનું સુચિપત્ર પહોંચાડવામાં આવ્યું છે.

# નડીયાદ સબજેલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

### નડીયાદ (ખેડા)

નડીઆદ વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ તથા ગાયત્રી પરિવાર વિદ્યાનગરના સહયોગથી શ્રાવણી પર્વ પર રક્ષાબંધનના દિવસે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની ચાર બહેનો દ્વારા નડીયાદ સબજેલમાં રક્ષાબંધનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બહેનો દ્વારા કેદીઓના આત્મ સુધાર માટેના ભાવભરેલ ઉદ્‌બોધને જેલર શ્રી રાવલ સાહેબ ઘણા પ્રભાવીત થયા અને સબ જેલમાં પંચકુંડી ગાયત્રી યજ્ઞ દ્વારા કેદીઓને વધુ માર્ગદર્શન મળે તે માટે યજ્ઞ પણ રાખવાનું આમંત્રણ મળ્યું.

આમંત્રણને માન આપી નડીઆદ ગાયત્રી પરિવાર તથા વિદ્યાનગર પરિવાર તથા કરમસદ પરિવારાના ભાઈઓ દ્વારા ૭ કુંડી યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. યજ્ઞમાં તમામ કેદી ભાઈઓએ ભાગ લીધો હતો. આ નિમિત્તે ત્યાંની લાઈબ્રેરીમાં ૨૦ હજાર રૂપિયાનું સાહિત્ય ભેટ આપવામાં આવ્યું હતું. યજ્ઞમાં દરેક કેદી ભાઈઓએ વ્યસનમુક્તિ માટેની પ્રતીજ્ઞા લીધી.

નડીઆદમાં આવેલી જે.એન.જે. સાયંસ કોલેજ, કોમર્સ કોલેજ તથા ધર્મસિંહ ટેકનીકલ સ્કુલ તથા મહિલા આર્ટસ કોલેજ તથા પબ્લિક હાઈસ્કુલમાં ચાર, ચાર દિવસના પુસ્તક મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ બાળકો, શિક્ષકો તથા સ્ટાફના ભાઈ-બહેનોએ લીધો હતો. સાહિત્યનું વેચાણ બ્રહ્મભોજ( ૫૦ ટકા વળતળ સાથે ) રાખવામાં આવ્યું હતું, જેમાં ૪૦,૦૦૦ રૂપિયાનું સાહિત્ય વેચાયુ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે નડિયાદ ગાયત્રી પરિવાર પરિજનો શ્રીમતી ઉર્મિલા બેન પટેલ, બાલકૃષ્ણભાઈ, અંબાભાઈ પટેલ, પ્રેમીલાબેન જોષી, મંજુલાબેન પટેલ, મીનાબેન પટેલ, ચંદ્રિકાબેન પટેલ, કાન્તીભાઈ શર્મા વગેરે ભાઈ-બહેનોનો સહયોગ મળ્યો હતો.

# વં.માતાજીની પૂણ્યતિથી નિમિત્તે દીપયજ્ઞોનું આયોજન

### મહેમદાવાદ (ખેડા)

સ્નેહ સલિલા માતા ભગવતીની પૂણ્યતિથી નિમિત્તે મહેમદાવાદ તાલુકાના ગામડાઓ અને મહેમદાવાદ શહેરમાં ઘરે-ઘર પાંચ દીપક પ્રગટાવી સર્વધર્મ પ્રાર્થના તેમજ ૨૪ ગાયત્રી મંત્ર અને પાંચ મહામૃત્યુંજય મંત્ર કરી ભગવાન મહાકાળને સૌને સદ્‌બુદ્ધિ અને સૌના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી તથા દીપયજ્ઞો કરવામાં આવ્યા. ૧૫૦૦ ઘરોમાં પ્રાર્થનાનો ક્રમ રાખવામાં આવ્યો હતો, ૧૧ દીપયજ્ઞો સંપન્ન કરવામાં આવ્યા. મુસ્લીમ, ખ્રિસ્તી તથા શીખ ભાઈઓએ મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારામાં તેમજ ઘેર-ઘેર પોતાના ધર્મ પ્રમાણે સર્વધર્મ પ્રાર્થના સૌને સદ્‌બુદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે મહેમદાવાદના ગાયત્રી પરિવારની બહેનોનો મોટો ફાળો રહ્યો હતો.

**અજ્ઞાનતા એક એવી રાત્રિ છે, જેમાં ન તો ચંદ્રમા છે, ન તો તારા.**

# વિચાર ક્રાંતિ અભિયાનની સુખદ ફળશ્રુતિ

## પ્રદુષણથી નર્મદા મા નો પાલવ બચાવ્યો

**સનાવાદ (મધ્યપ્રદેશ)**

બડવાહ તાલુકા ગાયત્રી પરિવારની તમામ શાખાઓએ મળી આ વર્ષે નવરાત્રિના તહેવારોમાં મોરટક્કા નાવઘાટ ખેડી ગામ અને પ્રસિદ્ધ ઓંકારેશ્વર તીર્થમાં નર્મદાનદીના કિનારાઓને શુદ્ધ રાખવા અત્યંત સફળ અને અનુકરણીય પ્રયત્ન કરવામાં આવ્યો. તેની અંતર્ગત પરિજનોએ બડવાઇના એસ.ડી.એમ.ના સહકારથી નાવઘાટ ખેડીના નર્મદા તટ પર ૧૦ x ૧૦ ફૂટ પહોળો એક મોટો ખાડો ખોદાવ્યો અને તેમાંજ પાસે આગ્રહ કરી દુર્ગાની મૂર્તિઓ અને પૂજન સામગ્રીનું વિસર્જન કરાવ્યું.


નર્મદાજીને પ્રદુષણથી બચાવવા માટે કરવામાં આવી રહેલ પ્રયાસ

પરિજનોએ ભક્તોને નર્મદાના અમૃતસમાન જળને ગંદુ ન કરવા માટે હાર્દિક પ્રાર્થના કરી હતી, જેનો ભક્તોએ મા નો આદેશ માની હૃદયથી તેનો સ્વીકાર કર્યો. કુંડમાં નાની-મોટી થઈને ૨૫૦ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું. નાવઘાટ ખેડીમાં લગભગ ૫ ક્વિંટલ અને ઓંકારેશ્વરતીર્થમાં ૨ થી ૩ ક્વિંટલ ફૂલ અને અન્ય પૂજન સામગ્રી એકઠી કરી તેને નર્મદા નદીમાં પ્રવાહિત થવાથી બચાવી.

આ અભિયાનમાં સનાવાદ, બડૂદ, બેડિયાં, ફૂડગામ, ઉમરિયા, બાંગરદા વગેરે ગામના ગરબા મંડળો તથા પરિજનોને પ્રશંસનીય યોગદાન રહ્યું. આ અભિયાન સાથે જોડાયેલ ગાયત્રી પરિવારના તમામ પરિજનો નર્મદા માતાની સેવાની સુખદ અનુભૂતિ સાથે પાછા ફર્યા.


વિશેષ ખાડાઓમા પ્રતિમાઓનું વિસર્જન

### સેવાની અન્ય પ્રવૃત્તિ

સનાવાદ તાલુકાની વિભિન્ન શાખાઓએ પ્રાદેશિક સંગઠન દ્વારા જાહેર કરવામાં આવેલ પાંચ મહાઅભિયાનમાં પ્રશંસનીય સક્રિયતા અપનાવી રાખી છે. પોલિટેકનિક કોલેજનું પટાંગણ, સનાવાદ, મોરઘડી વગેરે જગ્યાએ શ્રીરામ સ્મૃતિ ઉપવન લગાવવામાં આવ્યા. સનાવાદમાં આવેલ બાહેતી કોલોનીનું રાધાકૃષ્ણ મંદિર, પછાયાં વગેરે જગ્યાએ બાળ સંસ્કાર શાળાઓ ચાલી રહી છે. મોટાભાગની ગામડાઓમાં યુવક મંડળની રચના કરવામાં આવી છે અને 'યુવાનોને જોડો' અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. ☯

## એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓએ ગ્રામ્યજનોનું સેવાથી હૃદય જીતી લીધું

**જોબટ, અલીરાજપુર (મ.પ્ર)**

૫ થી ૧૧ ઓક્ટોમ્બરની તારીખોમાં જોબટ ગાયત્રી શક્તિપીઠના ઉ.મા. વિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમે કંદા ગામમાં સેવા યોજના શિબિરનું આયોજન કરવામાં આવી, તેણે તમામ ગ્રામ્યજનોનું હૃદય જીતી લીધું. તેઓ દૂરથી આવેલા આ સ્વયંસેવક-વિદ્યાર્થીની સેવાની ભાવનાથી આશ્ચર્યચકિત હતા, જેઓ દૂરથી આવીને સફાઈ, તેમના આરોગ્ય અને શ્રેષ્ઠ જીવન માટે સંપૂર્ણ તન-મનથી કાર્યરત રહ્યા.

એક અઠવાડિયામાં આ સ્વયં સેવકોએ શૌચાલય બનાવવા માટે ૭ ખાડા ખોદ્યા. હેડપંપ પાસે પાણીના નિકાલ માટે પાણી ચુસી લેતા ખાડા બનાવ્યા. દરી કેન્દ્રની આસપાસ રહેલ ઝાડી-ઝાંખર કાપી નાંખી સફાઈ કરી. વિદ્યાર્થીઓ દ્વારા ગટરને ખોદી તેની પહોળાઈ વધારી દેવામાં આવી. ગામની જરૂરિયાત અનુસાર રસ્તો બનાવવામાં આવ્યો. બે મોટી ગટરના પાણીને રોકવા સ્ટોપ ક્લેમ્પ બનાવવામાં આવ્યો. ગામની તમામ ફળીઓમાં જઈ આદિવાસી લોકોની સમસ્યા સમજી અને સમાધાન સૂચવવામાં આવ્યું.

શ્રી ગજાનન વાનખેડે દરરોજ યોગાભ્યાસ શિખવાડતા રહ્યા. તેઓએ આસપાસના જંગલમાં મળી આવતી વનસ્પતીનો પરિચય કરાવ્યો. રાતના દીપયજ્ઞાનું આયોજન રાખવામાં આવ્યું, જેમાં તમામ ગ્રામ્યજનોએ ભાગ લીધો. આ પ્રસંગે ગામના લોકોએ પોતાનું સંતોષયુક્ત આશ્ચર્ય વ્યક્ત કર્યુ.

આ કાર્યક્રમના અધિકારીશ્રી સંદીપ શર્માએ આચાર્ય શ્રીમતી રવિકાંતા વર્મા સતત માર્ગદર્શન પૂરૂ પાડતા શિબિરની સફળતા માટે આગળ પડતો ફાળો આપ્યો. શ્રી દિપેન્દ્ર વાણીએ ઓછી સગવડતામાં મોટું લક્ષ્ય નક્કી કરી આગળ વધવાની પ્રેરણા આપી. વિદ્યાર્થીઓએ પણ આ શિબિરને પતાના જીવનનો અવિસ્મરણીય અનુભવ બતાવ્યો. મોટા ભાગના વિદ્યાર્થીઓને પ્રથમવાર જ સેવાના સુખની અનુભૂતિ થઈ રહી હતી. ☯

## દારૂડિયાઓની વિરુદ્ધ બહેનો દુર્ગા બની

**રામગઢ (ઝારખંડ)**

બાસલાના સાલગો ગામમાં નશાખોરીથી તંગ આવી ગયેલ બહેનો જ્યારે દુર્ગા બની ત્યારે દારૂડિયાઓ અને દારૂ વેચનારાઓ ડરી ગયા. આ બહેનોએ ગામના નશાખોરોની વિરૂદ્ધમાં એકતાનો પરિચય આપતાં તેમને ચેતવી દીધા કે તેઓ હવે તેમની મૂર્ખતાનો અભિશાપ વધુ નહીં સહન કરે.

બહેનોએ દારૂ બનાવનાર અને વેચનારાઓની વિરૂદ્ધ સાર્વજનિક રીતે જાહેરાત કરી કે જે કોઈ પણ વ્યક્તિ દારૂ બનાવતા, વેચતા યા દારૂના નશામાં ચક્ચુર મળી આવશે, તો સૌ બહેનો મળી તેને ઝાડ સાથે બાંધી માર મારશે. અગર જો એટલું કરવા છતા તેમનો કોઈ સુધાર નહીં થયો હોય તો તેઓ જાતે જઈ પોલીસથાણામાં પહોચાડી દેશે. તમામ બહેનો પોતાના ઘરે જઈ પોત-પોતાના પતિઓને આ નિર્ણયની સૂચના આપી દીધી અને ભૂલથી પણ દારૂ ન પીવા આગ્રહ કર્યો.

**સાભાર પ્રભાત ખબર**

## ઘરડાઓની સેવા કરી

**જબલપુર (મ.પ્ર)** તા-૧ ઓક્ટોમ્બરના દિવસે અંતર્રાષ્ટ્રીય વૃદ્ધ દિવસ નિમિત્તે જબલપુર ગાયત્રી શક્તિપીઠના પરિજનોએ રેડક્રોસ દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમમાં જઈને ઘરડા લોકોની સેવા કરી, તેમનું સન્માન કર્યુ. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું. શ્રીયુત શ્રીનાથ ટંડન અને તેમના સાથીદારોએ તમામ વૃદ્ધ લોકોનું સન્માન કરતા સમાજને તેમના તરફથી હંમેશા સ્નેહ-આશીર્વાદ મળતા રહે, એવી પ્રાર્થના કરી. પૂજ્ય ગુરૂદેવના વિચારના સાનિધ્યમાં જીવનને આનંદમય બનાવવાની તેમને પ્રેરણા પણ આપવામાં આવી.



## અંતર મનના પોકારે સમાજનો વિચાર બદલી નાંખ્યો

**ખાતી પીપલ્યા, ઈંદોર (મધ્ય પ્રદેશ)**

શ્રી ભગીરથ પટેલ મિશન પ્રત્યે અનન્ય ભાવથી સમર્પિત છે. ગયા વર્ષે તેઓના પિતાનું અવસાન થયું. સગા સંબંધીઓ અને તેમના કુટુંબી જનો વચ્ચે તેમના મૃત્યુ બદલ જમણવાર રાખવાની ચર્ચા થવા લાગી, તો તેઓએ પૂજ્ય ગુરૂદેવનું આહ્વાન માનતા આવું ન કરવા અનુરોધ કર્યો, પરંતુ તેમનું કોઈએ પણ ન સાંભળ્યું. તમામ લોકો વિરુદ્ધમાં હતા, સગા સંબંધી-સમાજ કોઈ પણ તેમના પક્ષમાં ન હતા.

શ્રી ભગીરથ પટેલે ખુબ જ નિરાશ ભાવથી પોતાની પૂજા કરવાની જગ્યાએ ગયા અને ઘીનો દીવો પ્રગટાવી, ગુરૂદેવને પ્રાર્થના કરી કે 'હે ગુરૂદેવ, અગર જો પ્રેત ભોજન રાખવામાં આવશે તો હું ક્યારે કોઈની સમક્ષ આદર્શની વાત કહી નહીં શકું'

આગામી દિવસે સવારે બધા લોકો એકઠા થયા, ખુબ જ આશ્ચર્યની વાત છે કે લોકોના આપોઆપ ભાવ બદલાઈ ગયો હતો. એકે કહ્યું કે મારા મનમાં વારંવાર એ વિચાર આવી રહ્યો છે કે ભગીરથની વાત માની લેવામાં આવે. પછી બીજાએ, પછી ત્રીજાએ આવો જ વિચાર તેના મનમાં ઉદ્‌ભવ્યાની વાત બતાવી. આખરે પ્રેત ભોજન રોકી દેવામાં આવ્યું.

શ્રી ભગીરથ પોતાના ગુરૂજી પ્રત્યેની શ્રદ્ધા પ્રગાઢ બની ગઈ. જે યુગને બદલવાનું સામર્થ્ય ધરાવે છે, તેઓ કોઈ વ્યક્તિના વિચારોને કેવી રીતે બદલી નાંખે છે એ તેઓએ જાતે જ પ્રત્યક્ષ જોઈ લીધું હતું. જરૂરિયાત તો સંકલ્પ નિષ્ઠ પહેલની જ છે. ☯

## કુન્બી સમાજમાં નવી પહેલ

**બૈતુલ (મ. પ્રદેશ)**

હવે ધીરે ધીરે સભ્ય સમાજમાં પણ પ્રેત ભોજનનો વિરોધ થઈ રહ્યો છે. જરૂરિયાત તો આ દિશામાં પગલું ભરવાની છે. કુન્બી સમાજમાં ગાયકવાડ પરિવારે તેની પહેલ કરી. પ્રેત ભોજનના બદલે વૃક્ષારોપણ અને જ્ઞાનયજ્ઞ રાખવાથી શરૂઆતમાં સમાજની નારાજીનો સામનો કરવો પડ્યો, પરંતુ જ્યારે એ પહેલની સર્વત્ર પ્રશંસા થઈ ત્યારે જે લોકો વિરોધ કરી રહ્યા હતા, તેને પણ ઔચિત્ય સમાજમાં આવવા લાગ્યું.

આ પહેલ કુન્યા ગાયકવાડે પોતાની ધર્મપત્ની શ્રીમતી કૌશલ્યા દેવીનાં અવસાન પર કરી. એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે તેમનો ચિ. પુત્ર ઉત્તમ ગાયકવાડ અને તેમની પુત્રી સૌ. હેમલતા દેશમુખ શાંતિકુંજમાં જીવનદાની કાર્યકર્તા રૂપે સમર્પિત છે. તેઓએ સમાજમાં ફેલાયેલ કુરિવાજોને હતોત્સાહિત કરવા આગળ પડતી ભૂમિકા નિભાવી.

સ્વ. શ્રીમતી કૌશલ્યા દેવીના મૃત્યુ પછી પ્રેત ભોજનના બદલે પાંચ છોડ રોપવામાં આવ્યા. તેઓને શ્રદ્ધાંજલિ આપવા આવેલ લોકોને યુગઋષિ દ્વારા રચવામાં આવેલ જીવન ઉપયોગી પુસ્તકોનું વિતરણ કર્યુ. તેની ઉપરાંત શહેરમાં સેવાનું કામ કરી રહેલ સમાજ સેવક સંસ્થાઓને સહકાર આપવા દાન કર્યુ. ☯

## નેત્રદાન : જન્મથી બે આંધળાઓને દ્રષ્ટિ મળી

**ચંદૌલી (ઉ.પ્રદેશ)**

સ્થાનિક પ્રાણવાન પરિજન ડૉ. દયાનંદ સરસ્વતીની જાગૃત સંવાદનાએ બે જન્મથી આંધળાને દુનિયા નિરખવા તક પુરી પાડી સમાજની સામે એક આદર્શ રજુ કર્યો. તેઓએ પોતાના નાનાભાઈ કૃષ્ણાનંદના કસમયે થયેલ મૃત્યુ પછી તેમની બન્ને આંખનું દાન કરી દીધું. બી.એચ.યુ. ના ડૉ. મુકેશે તેમની બંને આંખો સાચવીને મુકી દીધી અને પછી જન્મથી બે આંધળાઓમાં તેનું પ્રત્યારોપણ કરી તેમને દુનિયા નિરખવાની તક પૂરી પાડી.

ડૉ. દયાનંદ સરસ્વતી મિશનના નિષ્ઠાવાન પ્રાણવાન કાર્યકર્તા છે અને તેઓ પોતાની પારિવારિક જવાબદારીમાંથી મુક્ત થઈ પૂરો સમય યુગનિર્માણ આંદોલનમાં જ લગાવવા માટે સંકલ્પબદ્ધ છે. ☯

## ડેંગુના શમન માટે યજ્ઞ આંદોલન

**બેગુસરાય (બિહાર)**

મંઝૌલ તથા રજૌડાના પ્રજ્ઞા મંડળોએ પોત-પોતાના ગામમાં ફેલાયેલ ડેંગુના પ્રકોપથી બચવા માટે યજ્ઞ અભિયાન ચલાવ્યું અને તેને શાનદાર સફળતા મળી. રામ નરેશ પ્રસાદ સિંહ, વીણાદેવી, રામશંકર રાય, શકુંતલા સોની વગેરે પરિજનોએ સેંકડો જગ્યાએ ગાયત્રી યજ્ઞો કરાવ્યા. તેમના કથન અનુસાર યજ્ઞ પહેલા મચ્છરના પ્રકોપથી બચવા મુંડોરી ગંજ, હીરાલાલ ચૌક, ચોરિયા-બરિયાપુર વગેરે જગ્યાના લોકો અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ગયા હતા. આ યજ્ઞોનો ચમત્કારિક પ્રભાવ પડ્યો. લોકો ડેંગુ અને તાવના પ્રકોપથી બચી જ ન ગયા, બલ્કે જેઓ બીમાર હતા, તેઓ પણ સ્વસ્થ બનતા ગયા. લોકોને બચાવ અને ઉપચાર માટે લીમડો, ગળો, કાળામરી અને તુલસીના પાંદડાના ઉકાળાનું સેવન પણ કરાવવામાં આવ્યું. ☯

**જે કુમાર્ગ પર ચાલવા માટે દબાણ કરે છે તે દુષ્ટ છે અને જે દબાય છે તે કાયર છે.**

# સૂર્યષષ્ઠી પૂજા : સૂર્ય ઉપાસનાનું એક સશક્ત આંદોલન

સૂર્ય સમગ્ર સૃષ્ટિના નિયામક, સંચાલક અને પ્રાણદાતા છે. સમસ્ત વિશ્વમાં તેમની જુદી-જુદી રીતે ઉપાસના કરવામાં આવે છે. આમાંની સૌથી વધું સશક્ત અને લોકપ્રિય ઉપાસના વિધાન છે સૂર્યષષ્ઠી, જે બિહારની સાથોસાથે હવે આખા દેશમાં મનાવવામાં આવે છે.

શાંતિકુંજે છેલ્લા ચાર વર્ષથી આ લોક પરંપરાને વિજ્ઞાન સમ્મત રૂપ કાર્યક્રમોને અપનાવવાની પ્રેરણા આપી છે. શાંતિકુંજમાં પણ સૈંકડો પરિવારોએ સૂર્યષષ્ઠી પર્વ આવી શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવ્યો. પૂજાના સમયે લોકોએ ગંગાતટ પર જપ અને યજ્ઞની સાથે વિશ્વ કલ્યાથની પ્રાર્થના કરી અને આ નિમિત્તે યોગદાનના સંકલ્પ કર્યા. પર્વ પ્રતિ અખૂટ શ્રદ્ધા પ્રગટ કરતાં શાંતિકુંજના સૈંકડો કાર્યકર્ત્તાઓએ



સૂર્યષષ્ઠી પર્વ પર સૂર્ય પૂજન કરી રહેલ શ્રદ્ધાળુઓ

આપીને ગાયત્રી ઉપાસના, કે જે સૂર્યની જ ઉપાસના છે, તેના પ્રત્યે લોકોની અખૂટ શ્રદ્ધા જગાવી છે. સૂર્યષષ્ઠી પર પૂજાની સાથે ગાયત્રી મંત્ર લેખન, જપ અને યજ્ઞ જેવા શાંતિકુંજથી ગંગાઘાટ સુધીના દરેક માર્ગો અને ઘાટોની સફાઇ કરી હતી. આ વર્ષે દેશમાં પાંચ લાખ લોકોએ સૂર્યષષ્ઠી પર્વ પર ગાયત્રી મંત્રનું લેખન કર્યુ.

## ગોવર્ધન પૂજા પર ગોસંવર્ધનના સંકલ્પો લેવાયા

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય ખાતે આવેલી ગૌશાળામાં ગોવર્ધન પૂજા પર્વ પરંપરાગત ઉલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. આ પ્રસંગે શણગારેલી ગાયો અને આપણા નૃત્ય-ગીતોની વચ્ચે જણાવ્યું કે ગોધન આપણી સમૃદ્ધિ, તંદુરસ્તી, ખેતીવાડી અને ઉત્તમ સંસ્કારોનો આધાર છે. આ સંદર્ભમાં આપણે આપણા ગામોની દરિદ્રતા દૂર કરવા માટે આપણા સમૃદ્ધ



ગોવર્ધન પૂજન કરી રહેલ આદ. ડૉ. સાહેબ અને આદ. શૈલ જીજી

હજારો આશ્રમવાસી, શિબિરાર્થી તેમજ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરતા આદ. ડૉ. પ્રણવ પંડ્યા, આદરણીયા જીજીએ ગોવર્ધન તેમજ ગૌમાતાનું પૂજન કર્યુ. ડૉ. સાહેબે ભૂતકાળમાંથી માર્ગદર્શન લેવું પડશે. કર્મકાંડ પં. શિવપ્રસાદ મિશ્રાએ સંપન્ન કરાવ્યું. ગોશાળા પ્રભારી શ્રી પ્રેમલાલ બિરલા અને તેમના સાથીદારોએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. ☯

## રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ

**અમ્બાલા છાવણી (હરિ.)**

અમ્બાલા છાવણીના કર્મઠ પરિજનોએ તા-૧૪ થી ૧૬ ઓક્ટોમ્બરની તારીખોમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું જોરદાર આયોજન કર્યુ. જેમાં સ્થાનીય સંગઠને આગામી વસંત પર્વ સુધી ૨૧ સ્થળો પર રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું આયોજન કરવા અને ૧૦ ગામોમાં સાપ્તાહિક યજ્ઞ-દીપયજ્ઞની પ્રક્રિયાનો શુભારંભ કરાવવાના સંકલ્પ લીધા. આ ક્રમમાં નિર્ધારિત સ્થળો પર દીપયજ્ઞની સાથે વીડિયોના માધ્યમથી પરમ પૂજ્ય ગુરૂદેવનું જીવન દર્શન દેખાડવામાં આવશે અને તેમનું ક્રાંતિકારી સાહિત્ય જન-જન સુધી પહુંચાડવામાં આવશે. શ્રી ટેકચંદ ગોયલ અને તેમના સહયોગિઓના જણાવ્યાનુંસાર અંબાલા છાવણીના રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞને મીડિયા દ્વારા ભરપૂર સન્માન અને સહયોગ મળતા યુગ સંદેશ જન-જન સુધી પહોંચ્યો. ☯

# સર્વધર્મ સામુહિક પ્રાર્થના : જન જાગરણ રેલીનું ભવ્ય આયોજન

**ક્વાંટ (વડોદરા)**

પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા ઘોષિત યુગ નિર્માણ યોજનાના શતસૂત્રી કાર્યક્રમ અંતર્ગત ક્વાંટ ગાયત્રી પરિવાર દ્વારા વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ અને સમાજ નિર્માણના સંકલ્પને સાકાર કરવા અને મનુષ્યમાં દેવત્વ અને ધરતી પર સ્વર્ગના ધ્યેયને લઈને વ્હોરા સમાજ તથા મુસ્લિમ સમાજના અગ્રણી ભાઈઓ મનસુખભાઈ, અકિલભાઈ, ઉષ્માનભાઈ, સમીરભાઈ તેમજ અન્ય ભાઈઓ સાથે ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો, યોગેશ્વર સ્વાધ્યાય પરિવારના દિલીપભાઈ, અશોકભાઈ, શંકરભાઈ તેમજ અન્ય, સંતકબીર-સુભાષભાઈ, નરેશભાઈ, રમેશભાઈ વગેરે, સ્વામી નારાયણના શ્રી જશવંતભાઈ તેમજ વૈષ્વણ સંપ્રદાયના આગેવાના ભાઈ-બહેનોએ ભેગા મળીને તા- ૨૨ ઓક્ટોમ્બર ૨૦૧૦ના રોજ એક સદ્‌ભાવના, અન્યોન્યના પ્રેમ, સહકાર, ભાઈચારાની લાગણીના તંતુને એક સૂત્રતાથી બાંધવા અને કાયમી શાંતિ માટેના પ્રયાસ સ્વરૂપે યોગેશ્વર સ્વાધ્યાય પરિવારના હોલમાં ઉપરોક્ત બધા જ સમાજના ધર્મપ્રેમીજનો સાથે એખાલસભર્યા વાતાવરણમાં મિત્રતાના, શાંતિના સદ્‌ભાવનાના પ્રયાસરૂપે સર્વે એકત્રીત થઈ પ્રાર્થના સભાનું આયોજન કર્યુ હતું.

કાર્યક્રમનો શુભારંભ ‘વહ શક્તિ હમે દો દયાનિધિ....’થી કરવામાં આવ્યો હતો. સર્વેભાઈ-બહેનોએ ભેગા મળીને જ્ઞાનરૂપી મશાલના ફોટા સમક્ષ અગરબત્તી પ્રગટાવીને અનેકતામાં પણ એકતાની મશાલ પ્રગટ કરી હતી. ત્યાર બાદ વિશ્વ કલ્યાણની ભાવના સાથે પોત-પોતાના ઈષ્ઠદેવનું માનસીક સ્મરણ-વંદન, જપ-ધ્યાન કરવામાં આવ્યું હતું.

પરિવારના વરિષ્ઠ મહિલા કાર્યકર્ત્તા શ્રીમતિ ઈંદુમતીબેન અમીન દ્વારા બધાને સંબોધિત કરવામાં આવ્યા હતા. સર્વે ભાઈ-બહેનો સમક્ષ તેમણે યુગઋષિનો વ્યક્તિ નિર્માણ-સમાજ નિર્માણનો દિવ્ય સંદેશ પહોંચાડ્યો હતો. બધાજ વર્ગના પ્રતિનિધિ ભાઈ-બહેનોએ દર મહિને આ રીતે ભેગા મળીને પ્રાર્થનાસભાનું આયોજન કરવાનું નક્કી કર્યુ છે. કાર્યક્રમનું સમાપન ‘વંદના હમ કર રહે હૈ....’ પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યું હતું.



તા- ૮ નવેમ્બર ૨૦૧૦ના રોજ બપોરે ૪ વાગે ૧૫૦ યુવાનો સહિત બધા જ વર્ગોના ભાઈ-બહેનોએ તેમજ ગાયત્રી પરિવારની વિવિધ શાખાઓ અસાર, મંકોડી, ચાવરિયા, મણાવાંટ, સિંગલકુવા, સજવા, ઝાંઝરઝોલ, ખેરકા, રંગપુર, મુગલાવાંટ, લાલપુર, ઊંચેડા, સોઢવડ, મોટી ઝરોઈ, મુસટ જામલી, ખાટિયાવાંટ, પેલેસર, ક્વાંટ ખાતે ભવ્ય રેલીના આયોજન માટે એકત્રિત થયા.

સૌપ્રથમ ૯ કુમારિકાઓ દ્વારા જવારા, ૯ કન્યાઓ દ્વારા કળશ અને અન્ય બહેનો દ્વારા પોથી તેમજ સૂત્રો દર્શાવતા બેનરો સાથે તેમને આગલી હરોળમાં ઉભા રાખવામાં આવ્યા, સુંદર સુશોભિત ફુલમાળાથી સજ્જ લાઉડસ્પીકરની વ્યવસ્થાવાળો ચલાવી શકાય તેવો રથ ગોઠવવામાં આવ્યો હતો. યાત્રામાં યુવાનો પીળા વસ્ત્રો ધારણ કરીને બેનરો સાથે ગોઠવાયા હતા. વૈવિધ્યતાથી ભરેલી આ રેલીની આગળ એક મશાળધારી વ્યક્તિ ચાલી રહી હતી. રેલી જ્યારે ક્વાંટની ગલીઓમાં, કસ્બાઓમાં આગળ ધપવા લાગીતો યુગ નિર્માણના સૂત્રો સાંભળીને બધાજ વર્ગોના, સમાજના ભાઈ-બહેનો રેલી સાથે જોડાતા ગયા.

રેલી પોલિસ સ્ટેશન થઈ પારસી ફળિયા સુધી આવી. ત્યારબાદ ગાંધીચોક થઈને પ્રજ્ઞાગીતોના જોશીલા સૂરો સથે રેલી સાંજના ૬ વાગે ગાયત્રી મંદિરે પહોંચી. સામુહિક ભોજન સાથે કાર્યક્રમનું સમાપન જાહેર કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામનું વાતાવરણ દિવ્ય બની ગયું હતું. ☯

### માતા ભગવતી મહિલા મંડળ ટ્રસ્ટ દ્વારા જન્મ શતાબ્દી વર્ષમાં ચલાવવામાં આવી રહેલ ગતિવિધિઓ

- ☞ નવ સ્વાધ્યાય કેન્દ્રો
- ☞ ચાર બાળ સંસ્કાર કેન્દ્રો
- ☞ ૪૦ ગામોમાં સ્ટીકર અભિયાન
- ☞ ૫૦૦ યુવા સંગઠનો
- ☞ ૧૦૮ યુવાન ભાઈ-બહેનો અને શિક્ષકો કાર્યરત
- ☞ ૧૦૮ યજ્ઞો
- ☞ ૭૦ દિપયજ્ઞો
- ☞ ૨૫ વિવિધ સંસ્કાર સંપન્ન કરાવ્યા.

## ૯૪માં વર્ષે પણ ખિલી રહી છે વસંત



**તખતપુર, બિલાસપુર (છત્તીસગઢ)**

૯૪ વર્ષીય શ્રી રામઝૂલ ગુપ્તાના જીવનમાં ખિલી રહેલ વસંત જોવા જેવી છે. ગળામાં ગાયત્રી મંત્રનું ઉપવસ્ત્ર, ખભામાં પૂજ્યવરના સાહિત્યથી ભરેલ પીળો ઝોલો અને તેણે જન-જન સુધી પહોંચાડવા દરરોજ સાઈકલની સવારી. તેઓ યુગઋષિની એવીતો બેજોડ ધરોહર છે, જે આટલી ઉંમરે પણ થકાવટની કલ્પનાથી ઘણા દૂર રહીને ગામે-ગામ પોતાના આરાધ્યના સુવિચાર અને પ્રાણ પ્રવાહનો સંચાર કરી રહ્યા છે.

શ્રીયુત્ શ્રીરામઝૂલ ગુપ્તાજી પ્રધાન પાઠકના પદથી સેવાનિવૃત થયા. તેઓ પાછલા ૧૦ વર્ષોથી ગાયત્રી સાધના સેવાપીઠ સાથે જોડાયા અને ત્યારથી અત્યાર સુધી ગુરૂકાર્યમાં ખૂબ જ તન્મયતાની સાથે લાગી ગયા છે. યુવા પેઢીને સનાતન સંસ્કૃતિ સાથે જોડવામાં તેમની ઘણી ઉંડી અભિરુચિ છે. તેમણે પોતાની કાવ્ય રચનાઓથી યુવાનોને મિશનની પ્રગતિશીલ વિચારધારા સાથે જોડવામાં સારી એવી સફળતા મેળવી છે. તેમનું ‘કાવ્યપુંજ’નામથી એક પુસ્તક પણ પ્રકાશીત થઈ ગયું છે. ૧૩૫ લોકોનો વિશાળ પરિવાળ છે, બધાજ મિશનની વિચારધારાથી ઓતપ્રોત છે.

## જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં બનાવી રહ્યા છે ૪૦,૦૦૦ સાધક

**આસપુર, ડુંગરપુર (રાજસ્થાન)**

સર્જન સાધના મહાપુરશ્ચરણમાં ભાગીદારી વધારવા માટે આસપુરમાં અત્યાર સુધી ૧૦૦૦૦ સાધકો પાસે સંકલ્પ પત્રો ભરાવવામાં આવ્યા છે. ૪૦,૦૦૦ સાધક બનવા સુધી આ અભિયાન શરૂ રહેશે. ગાયત્રી જ્ઞાનરથના માધ્યમથી સાહિત્ય વિતરણ, દીપયજ્ઞ અને બેઠકોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૮ સર્જન સાધના શક્તિ કળશ ચાલી રહ્યા છે, પરંતુ તેમને એક ઘરમાં માત્ર ૨૪ કલાક માટે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે કેમ કે વધું ને વધું ઘરોમાં સાધના થઈ શકે. આ હેતુંથી મહિલા મંડળ અને પ્રજ્ઞા મંડળ દરેક ઘર-ગામ સાથે સંપર્ક બનાવી રાખ્યો છે.

કળશના સામે જપ, મંત્ર લેખન, ચાલીસા પાઠ વગેરેનો કાર્યક્રમ શાંતિકુંજ દ્વારા નિર્ધારિત કાળખંડોમાં ચલાવવામાં આવી રહ્યો છે. દેવ પરિવાર, જન્મ દિવસ અને વિવાહ દિવસનું પંજીયન રજિસ્ટર બનાવેલ છે, જેમાં આ બધા જ કાર્યક્રમોનું પંજીયન કરવામાં આવે છે અને સમય-સમય પર તેના દ્વારા અભિનંદન પત્રો મોકલવામાં આવી રહ્યા છે. શ્રી શાન્તિલાલજી, આસપુર દ્વારા લગભગ ૪૦ ગામોમાં દીવાલ લેખન કરવામાં આવ્યું છે. કાર્યાલય આખો દિવસ ઉઘાડુ રહે છે. સાહિત્ય સ્ટોલ અને વિસ્તાર પટલ પણ નિયમિત ખુલે છે. શક્તિપીઠ પર દર રવિવારે મહિલા મંડળની સત્સંગ ગોષ્ઠી યોજાય છે અને ગુરૂવારના રોજ અલગ-અલગ સ્થળો પર દીપયજ્ઞ રાખવામાં આવે છે. દરરોજ સાંજ સુધી સામૂહિક જપ અને ગાયત્રી ચાલીસાના પાઠ થાય છે. ☯

**જે જગતને સદ્‌વ્યવહાર ન શીખવી શક્યો તેની ઉપાસના અધૂરી છે.**

# દેશમાં ઠેર-ઠેર થઈ રહેલ વૃક્ષારોપણ અભિયાન જન્મશતાબ્દીને અવિસ્મરણીય બનાવી

**આગરા (ઉત્તર પ્રદેશ)**

આગરા ગાયત્રી પરિવારે પરમ પૂજ્ય ગુરુદેવનો જન્મ દિવસ મનાવતાં ગાયત્રી પબ્લિક સ્કૂલના નવા પરિસરમાં શાસ્ત્રીપુરમમાં ૧૦૦૮ છોડ લગાવવામાં આવ્યા. પ્રથમ છોડ ગાયત્રી તપોભૂમિના વ્યવસ્થાપક શ્રી દ્વારિકા પ્રસાદ ચૈતન્યજીએ લગાવ્યો, ત્યારબાદ સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગાયત્રી પરિવારના પરિજનો-સર્વશ્રી એસ.કે.ત્રિપાઠી, વિવેક માહેશ્વરી, સતીશચંદ્ર રાજપૂત, દ્વારિકા પ્રસાદ કુંતલ, લાખનસિંહ, અખિલેશ કુલશ્રેષ્ઠ વગેરેએ વૃક્ષારોપણ કર્યું.



આગરામાં વૃક્ષારોપણની ઝાંખીઓ, વૃક્ષારોપણ કરી રહેલ શ્રી ચૈતન્યજી

આદરણીય શ્રી ચૈતન્યજીએ આ અવસર પર પરમ પૂજ્ય ગુરુદેવના જ શબ્દોમાં એમની આકાંક્ષાઓ વ્યક્ત કરી. તેમણે કહ્યું કે પૂજ્ય ગુરુદેવ નથી ઈચ્છતા કે કોઈ ભવન યા મૂર્તિના રૂપમાં એમને યાદ કરવામાં આવે. તેમણે પરમ વંદનીય માતાજીને એક એવું સ્મૃતિ ઉપવન બનાવવાની વાત કહી હતી, જેમાં પ્રકૃતિનું સૌંદર્ય પૂરબહારમાં ભર્યું હો. એના કણ-કણ કહે કે આચાર્યજી સમષ્ટિના ઘટક હતા.

**પૂર પીડિતોની સેવામાં**

એના પહેલાં ગાયત્રી પરિવારની આગરા શાખાએ સપ્ટેમ્બર મહિનામાં આવેલ પૂરના સમયે એટા, કાસગંજ અને સોરૌ ક્ષેત્રમાં પૂર પીડિતોની સેવા કરી. જિલ્લા સમન્વયક શ્રી ઉમેશચંદ્ર કુલશ્રેષ્ઠના જણાવ્યા અનુસાર તેમણે પૂર પીડિતોમાં ત્રણ ક્વીંટલ ચણા, ૧૪૦૦ બિસ્કીટના પેકેટ, ૨૫૦ મીણબત્તી, ૫૦ પેકેટ માચિસ, ૨૦૦ ઈલેક્ટ્રૉનિક ટૉર્ચ, એક કોથળો ભરીને મમરા, ટોસ્ટ અને ૧૦ હજાર રૂપિયાથી વધારે રોકડ રકમ વિતરણ કરવામાં આવી. આ સેવા યજ્ઞમાં જોનલ સમન્વયક આંબલખેડા જોનનો પૂરો સહયોગ અને માર્ગદર્શન મળ્યાં.

**રાજિમ-દુર્ગ (છત્તીસગઢ)**

રાજિમ ગાયત્રી શક્તિપીઠે આ વર્ષે ૧૧૦૦ વૃક્ષોનું રોપણ કર્યું. એ તમામ વૃક્ષ દીવાલોથી ઘેરાયેલ સુરક્ષિત સ્થાનો પર લગાવવામાં આવ્યા છે અને એના સિંચન-પોષણની જવાબદારી પણ યોગ્ય વ્યક્તિઓને સોંપવામાં આવી છે. ઘણાખરા વૃક્ષ વિદ્યાલયોમાં લગાવવામાં આવ્યા છે. ગ્રામ બાસીન, બકલી, કિરબઈ, કોપરા, નવાડીહ, બોરસી, રોપાઈ વગેરેના વિદ્યાલયોમાં સેંકડોની સંખ્યામાં વૃક્ષ રોપવામાં આવ્યા છે. વૃક્ષારોપણ અભિયાનની આગેવાની કરવામાં સર્વશ્રી અશોક શર્મા, ટીકમ શાહુ, એસ.એન. સાવ, ગજેન્દ્ર સિન્હા, અમૃતલાલ શાહુ, પુરુષોતમ યાદવ વગેરે સામેલ હતા.


રાજિમમાં વૃક્ષારોપણ કરી રહેલ પરિજન

**જન્મ દિવસ પર વૃક્ષારોપણ**

**જબલપુર (મધ્યપ્રદેશ)**

ગાયત્રી પરિવાર જબલપુરના સમર્પિત કાર્યકર્તા શ્રીયુત શ્રીનાથ ટંડને પોતાના ૬૮મા જન્મ દિવસ પર વૃક્ષારોપણ કરતાં સેંકડો બાળકોને લીલોતરી અભિયાન સાથે જોડાવાની પ્રેરણા આપી. આ અવસર પર તેમણે ત્રિમૂર્તિ શહેરમાં આવેલ સરસ્વતી શિશુ મંદિરમાં ૪ લીમડાના અને ૪ આસોપાલવના છોડનું રોપણ કર્યું. આ વૃક્ષારોપણ શાળા પ્રબંધક શ્રી એન.પી.મિશ્રા, એસ.સી.મિશ્રા, આચાર્ય શ્રીમતી સુમન ખરે તથા અન્ય શિક્ષક, પરિજનો, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયું. ☯

## જન્મ શતાબ્દીના દૃષ્ટિકોણથી મધ્યઝોનનું પ્રાદેશિક સંમેલન

**ઝાંસી (ઉત્તર પ્રદેશ)**



સંમેલનને સંબોધી રહેલ શ્રી વિરેન્દ્ર તિવારી

આંબલખેડા જોન સાથે સંબંધિત ૪૨ જિલ્લાઓના પ્રમુખ પ્રતિનિધિઓની ગોષ્ઠી તા-૩જી ઓક્ટોમ્બરના રોજ ગાયત્રી શક્તિપીઠ ઝાંસીમાં યોજાઈ ગઈ. આ અવસર પર કેન્દ્રીય પ્રતિનિધિ મધ્ય ઝોન કન્વીનર શ્રી વીરેન્દ્ર તિવારી મુખ્ય રૂપથી હાજર રહ્યા હતા.

શ્રી તિવારીજીએ જન્મ શતાબ્દીના અંતર્ગત ચલાવવામાં આવી રહેલ કાર્યક્રમોમાં પ્રજ્ઞાપુત્ર, વરણી અને ભાગીદાર પરિજન વધુમાં વધુ સંખ્યામાં બનાવવા માટેનું આહ્વાન કર્યુ. તેમણે પ્રત્યેક ઘરમાં લાલ મશાલની સ્થાપના, બલિવૈશ્વ યજ્ઞ, યુવાશક્તિનું ઉન્નયન, નારી જાગરણ, વ્યસનમુક્તિ વગેરે રચનાત્મક ગતિવિધિઓને પ્રોત્સાહિત કરવા માટે માર્મિક સંદેશ આપ્યો. દરેકે એક સ્વરથી પોત-પોતાના જિલ્લાના કોઈ એક ગામને આદર્શ ગ્રામ બનાવવા માટેનો સંકલ્પ લીધો હતો.

ગોષ્ઠીમાં જન્મ શતાબ્દીના મુખ્ય કાર્યક્રમો માટે ૭૫ લાખ રૂપિયા શાંતિકુંજ મોકલવાનો સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો. કાર્યકર્તાઓએ ૧ મહિનાનું સમયદાન અથવા તેના અવેજમાં ૫૦૦૦ રૂપિયા અને ત્રણ મહિનાનું સમયદાન અથવા તેના અવેજમાં ૧૩૦૫૧ રૂપિયા શાંતિકુંજ મોકલવાનો સંકલ્પ લીધો. ૧૧૦૦૦ વિદ્યા વિસ્તાર સેટ સ્થાપિત કરવાના, ૧૦,૭૧૨ જ્ઞાનયજ્ઞ પ્રચારક બનાવવાના અને ૫૧ જ્ઞાનરથોના સંચાલન માટેના સંકલ્પ લેવામાં આવ્યા. ☯

## બલિવૈશ્ય યજ્ઞ ભગવાનને ઘરે-ઘર પહોંચાડવા માટે સશક્ત આંદોલન

જન્મશતાબ્દી વર્ષની વિશેષ પ્રેરણા સ્ટીકર આંદોલનથી હવે યજ્ઞ ભગવાન ઘરે-ઘર પહોંચી રહ્યા છે. પરિવારના સદવિચાર અને શ્રેષ્ઠ સંસ્કારોના બીજારોપણ અને વિકાસનો એક અચુક આધ્યાત્મિક પ્રયોગ છે-બલિવૈશ્ય યજ્ઞ. અમદાવાદથી શ્રીગણેશ કરવામાં આવ્યા બાદ હવે શાંતિકુંજે એની પ્રક્રિયાને સ્ટીકર રૂપે ફેલાવો કર્યો છે. જેને સમાજમાં ખૂબ જ લોકપ્રિયતા સાંપડી રહી છે. પહેલી ખેપમાં છપાઈ ગયેલ સ્ટીકર માત્ર થોડાક જ દિવસમાં વેચાઈ ગયા. દરેક શાખા, શક્તિપીઠો-પ્રજ્ઞાપીઠોએ હજારોની સંખ્યામાં એ જ સ્ટીકરો મંગાવી એને દરેક ઘરના રસોડામાં લગાવવા માટે જોરદાર અભિયાન ચલાવી રહેલ છે. એવી આશા સેવવામાં આવી રહેલ છે કે દૈનિક યજ્ઞનો આ સૂક્ષ્મ આધ્યાત્મિક પ્રયોગ સતયુગના પુનરાગમનના સંદર્ભમાં અગ્રેસર ભૂમિકા ભજવશે. છપાયેલા સ્ટીકરોનું સ્વરૂપ અહીં આપવામાં આવી રહેલ છે. સ્ટીકરની સાથે બલિવૈશ્ય માટે ઉપયોગમાં આવતા તાંબાનું પાત્ર પણ શાંતિકુંજમાં ઉપલબ્ધ છે. સ્ટીકરની કિંમત-રૂા.૨.૦૦ તથા તાંબાના પાત્રની કિંમત છે-૪૫ રૂા. ક્ષેત્રના પરિજનો ઓર્ડર આપીને પોતાને ત્યાં મંગાવી શકે છે. ☯




## જન્મભૂમિ આંબલખેડામાં ઉચ્ચ સ્તરીય સાધના શિબિર

વેદમૂર્તિ, તપોનિષ્ઠ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મભૂમિ આંબલખેડામાં ઉચ્ચ સ્તરીય સાધના શિબિરોનો ક્રમ પાછલા કેટલાય વર્ષોથી ચાલી રહ્યો છે. જેમાં માત્ર જવની રોટલી અને ગાયતના દૂધની છાછનું સેવન કરતા ૪૦ દિવસીય ગાયત્રી સાધના કરવાની હોય છે. આગામી સત્રોની તારીખો નિમ્નાનુસાર છે.



**૧ જાન્યુઆરી થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૧**
**૧ માર્ચ થી ૧૦ એપ્રીલ ૨૦૧૧**
**૧ મે થી ૧૦ જૂન ૨૦૧૧**

સાધનાના અનુભવી અને શારીરિક રૂપથી સ્વસ્થ પરિજનો જ આ શિબિર માટે આવેદન કરે. ઈચ્છુક પરિજન પોતાના પૂર્ણ વિવરણની સાથે નિમ્ન સરનામા પર આવેદન મોકલાવીને શિબિરની સ્વીકૃતિ પહેલાથી જ મેળવી લે.

**સંપર્ક સૂત્ર - વ્યવસ્થાપક,**
**ગાયત્રી શક્તિપીઠ**
**જન્મભૂમિ આંબલખેડા, જિ. આગરા(ઉ.પ્ર)**
**ફોન- ૦૫૬૨-૨૭૫૨૦૨૨**

## પોલીસ તાલીમ કેન્દ્ર પર યોગ શિબિર

**સીતાપુર (ઉત્તર પ્રદેશ)**

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિશેષજ્ઞ યોગ શિક્ષકો દ્વારા સીતાપુરમાં ઉત્તરપ્રદેશ પોલીસના ૧૫૨ નવા ચુંટાયેલ સબ ઈંસ્પેક્ટરો અને પીટીસીના અધિકારીઓ-કર્મચારીઓને યોગ તાલીમ આપવામાં આવી. શ્રી ગુલામ અસગરી જૈદી અને શ્રી રામ અવતાર પાટીદારની ટોળીએ તેમને દૈનિક જીવનમાં તણાવ પ્રબંધન કરવા અને નિયમિત સ્વાસ્થ્ય સંવર્ધનના ઉપાયોની તાલીમ આપી. તાલીમાર્થીઓને પરમ પૂજ્ય પં.શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા લખેલ પુસ્તકો-મનની પ્રચંડ શક્તિ, ઔષધિ વગર કાયાકલ્પ, અક્ષુણ્ય સ્વાસ્થ્યનો શાશ્વત રાજમાર્ગ, જીવન સાધનાના સોનેરી સૂત્ર, પતંજલિ યોગનું તત્વદર્શન, યોગ ચિકિત્સા સંદર્શિકા વગેરે પણ ભેટ આપવામાં આવ્યા. પ્રતિસાર નિરીક્ષક શ્રી રામશરણસિંહ, આર.આઈ.જીતેન્દ્ર વર્મા, મહમૂદ અલિ સહિત કેટલાયે અધિકારીઓએ પણ તાલીમ લીધી. ઉત્તરપ્રદેશના અપર પોલીસ મહાનિદેશક તથા પીટીસીના આચાર્ય શ્રી એચ.એસ.બલવારિયાએ યોગના અદભૂત સામર્થ્યનો ઉલ્લેખ કરતાં ફરી યોગ તાલીમ આપવા આવવાનું દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયને આમંત્રણ આપ્યું.

આવી જ બીજી શિબિર અલ્હાબાદમાં શ્રી ધર્મચંદજીએ યુવાઓને માંસાહાર છોડવા, સાત્વિક જીવન જીવવા અને પર્યાવરણ સંવર્ધન માટે વૃક્ષ વાવી તેના પાલન-પોષણ માટે વિશેષ પ્રેરણા આપી તથા નિયમિત યોગાભ્યાસ કરવાની વાત કહી. ☯

**સમાજનું માર્ગદર્શન કરવું એ એક મહાન જવાબદારી છે, જે તેને નિભાવે છે તે મહાન હોય છે**

**વિજન - ૨૦૧૦**

# અનેક સંસ્કૃતિઓ, પરંતુ એક લક્ષ્ય, એક સંકલ્પ-યુગનું નવનિર્માણ

## યુવા ચેતના તમે હિમાલય શિખર છો



આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ દેશના ખુણે-ખુણેથી આવેલા પ્રતિભાગિઓને મોટા ભાગનું માર્ગદર્શન જાતે જ પુરૂ પાડ્યું. તેમના વિષય હતા 'યુવા ચેતના તમે હિમાલય શિખર છો, વિજન ૨૦૧૦','શતાબ્દી પુરૂષનું નવસર્જન અભિયાન : યુવાનોનું યોગદાન', 'અધ્યાત્મમાં પ્રતિષ્ઠિત ભારત : કેવો હશે તેનો યુવાન?','શતાબ્દી વર્ષ હેતુ યુવાન સ્વયંસેવકોને આમંત્રણ'



અને 'સાવધાન યુગ બદલાઈ રહ્યો છે' તેમણે કહ્યું-

☞ તમે હિમાલય શિખર બનો. હિમાલયમાં બધા જ પ્રકારના ઘાત-પ્રત્યાઘાતોને સહન કરીને દેશની રક્ષા કરવાનું સામર્થ્ય છે. હિમાલયમાં દૃઢતા છે, પ્રતિબદ્ધતા છે. યુવાવસ્થા પણ આ બધા જ ગુણોથી યુક્ત હોય છે. પોતાની શક્તિઓને ઓળખો. પોતાની મન-ભાવનાઓને ઉત્તુંગ હિમાલય સુધી લઈ જાઓ. સ્વર્ણિમ હિમાલયના સૌંદર્યની આગળ બધા સૌંદર્ય ફીકા છે.



☞ યુવાવસ્થા આંતરિક ઉમંગોથી પરિભાષિત થાય છે. ઉંમર ભલે ગમે તે હોય, જો મનમાં ઉમંગ છે, કંઈક કરવાનું સાહસ છે તો તે યુવાન છે. જેનું મન હતાશ અને નિરાશાથી ભરાયેલ છે, તે યુવાન ન હોઈ શકે.

☞ પ્રતિભામાં નિખાર લાવવાના ચાર સૂત્ર છે- ખોળો, ઓળખો, વિસ્ફોટ કરો અને ઉત્કૃષ્ટતા અપનાવો.

દરેક વ્યક્તિમાં કંઈક ને કંઈક વિશિષ્ટ પ્રતિભા વિદ્યમાન હોય છે. દુનિયાનું આંધળુ અનુકરણ કરવાને બદલે તેને શોધવી જોઈએ. જ્યારે તેની ભાળ મળી જાય તો તેના ઉપયોગના ઔચિત્યને ઓળખવું જોઈએ. જો કાર્ય આત્મ વિકાસ માટે ઉપયોગી અને હિતકારી હોય તો તે ઓળખ્યા પછી આળસ-પ્રમાદને ખંખેરી પૂરી ક્ષમતાની સાથે એ દિશામાં વિસ્ફોટ કરી દેવો જોઈએ. અધમૂઆ મનથી નહી, પૂરી ક્ષમતાઓની સાથે એક વખત એ દિશામાં નીકળી પડ્યા તો પછી બધુ જ ઉત્કૃષ્ટતા તરફ જ અગ્રેસર રહે. સફળતાના માર્ગમાં અનેક અડચણો, સફળતાઓ-અસફળતાઓ આવે છે. કોઈ પણ પરિસ્થિતિમાં મન અને ભાવનાઓમાં હતાશા-નિરાશાને કોઈ સ્થાન ન હોવું જોઈએ.

☞ પ્રતિભામાં નિખાર આત્મવિશ્વાસ થી આવે છે. પરમ પૂજ્ય ગુરૂદેવ કહેતા હતા કે એક મણ બોલવા કરતા એક ઔંસ કરી દેખાડવું વધું યોગ્ય છે. જે કંઈ કરી શકતા હતા, તે કરતા ગયા, જો ન કર્યુ તો આત્મવિશ્વાસ શાને વધશે? પૂર્વાગ્રહ અને દુરાગ્રહને મન-મસ્તિષ્કમાંથી ખાલી કરી નાખો, જિજ્ઞાસા જગાડો. જે કાર્યની શરૂઆત કરે છે, તેને જ ચમત્કારિક સિદ્ધિઓ હસ્તગત થાય છે. જળ સ્ત્રોતોનું શુદ્ધિકરણ કરો. આદર્શ ગ્રામ બનાવો. યુવાઓને જોડો. કુરિવાજો મિટાવો.

☞ આજનો યુવાન પશ્ચિમી સભ્યતાના વ્યામોહમાં ખરાબ રીતે સપડાઈ ગયો છે. આત્મિક શક્તિઓનો દુરુપયોગ મનુષ્ય ને ખોખલો બનાવી દે છે. ભારતીય અધ્યાત્મ-સંસ્કૃતિ સંયમ અને સાધનાનું શિક્ષણ આપે છે. રાષ્ટ્રના ચિરસ્થાયી વિકાસ માટે પોતાના દેશના યુવાનોને આપણે શક્તિઓના જાગરણ, તેના સંચય અને તેના સદ્દુપયોગનો માર્ગ બતાવવો પડશે.

☞ આ દિવસોમાં દેશની રાજનીતિ યુવાનોની શક્તિનો દુરૂપયોગ કરી રહી છે. આજે યુવાન રાજનીતિના કાદવમાં જઈને ફસાઈ જાય છે. તેમને રાજનીતિની દિશા નક્કી કરવી જોઈએ, ન કે તેમાં જોડાવું જોઈએ. ☯

## સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે થયો શુભારંભ



મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલના જમ્બૂરી મેદાન, અવધપુરી (ભેલ)માં ગાયત્રી પરિવાર દ્વારા રાષ્ટ્રિય યુવા ચેતના શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તા- ૨૯ થી ૩૧ ઓક્ટોમ્બરની તારીખોમાં યોજાયેલ ત્રણ દિવસીય સંમેલનમાં આખા દેશમાં યુવા સંગઠન સાથે જોડાયેલ ૬૦૦૦ નવયુવક-યુવતિઓએ આમાં ભાગ લીધો. એક બાજુ કાર્યક્રમ આયોજક મધ્ય પ્રદેશના પ્રતિભાગિઓની સંખ્યા હજારોમાં હતી તો, બીજી બાજુ ગુજરાત, છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશથી વધુમાં વધું પ્રતિભાગીઓ આવ્યા હતા. ૫૦૦ ગણમાન્ય અતિથિ અને લગભગ એટલા જ વરિષ્ઠ કાર્યકર્તાઓએ આમાં ભાગ લીધો.

**વાહન શોભાયાત્રા :** તા- ૨૯ ઓક્ટોમ્બરના રોજ શિબિરના ઔપચારિક શુભારંભ પૂર્વે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી. લગભગ ૨૦૦ વાહનો પર શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબન, સાધના, પર્યાવરણ, નારી જાગરણ અને કુરીતિ ઉન્મૂલનનો સંદેશ આપતા નારા-બેનર અને ઉદ્દ્ઘોષોની સાથે કેટલાય પરિજનોએ પોતાના ઉલ્લાસ અને સંકલ્પોની ઝાંખી રજુ કરી. રાયસેન રોડ, લાલઘાટી, બૈરાસિયા રોડ, હોશંગાબાદ રોડ અને ગાયત્રી શક્તિપીઠથી પસાર થઈ રહેલ યાત્રાએ નગરવાસિઓને સર્જનક્રાંતિનો સંદેશ આપ્યો.




**ગાર્ડ ઓફ ઓનર :** શિબિરનો ઔપચારિક શુભારંભ આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીના તા- ૩૦મી ઓક્ટોમ્બરના રોજ પહોંચ્યા પછી થયો. સૌ પહેલા જુદાજુદા રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓની સાથે આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીને ગાર્ડ ઓફ ઓનર પ્રદાન કરવામાં આવ્યું. તેઓ એક ખુલ્લી જીપમાં ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરી રહ્યા હતા. ખૂબ જ મનમોહક દ્રશ્ય હતું. ઝારખંડના પ્રતિભાગી પોતાની પરંપરાગત વનવાસી વેશભૂષા તીર-કમાન વગેરેની સાથે જોવા મળ્યા. રાજસ્થાનીઓને રંગબેરંગી લાંબી પાઘડી અને પરંપરાગત ધોતી-કમીજની સાથે પોતાના ત્યાગ અને બલિદાનની યાદ અપાવી. મહારાષ્ટ્રના પ્રતિભાગી વારકરી પરંપરામાં સફેદ ટોપી પહેરેલા નજર આવ્યા.




**ધ્વજારોહણ :** આ પછી બેંડ સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યું. 'ઓ ધર્મ કી પતાકા ફહરો..' ગીતની સાથે સંપૂર્ણ શિબિર પરિસર જન્મ શતાબ્દીના ઉલ્લાસથી તરબોળ થઈ ગયું.

**ભવ્ય પરેડ :** આગલા ક્રમમાં આદરણીય ડૉ. સાહેબે રંગારંગ પરેડની સલામી લીધી. તેમની સાથે શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ. બૃજમોહન ગૌડ, શ્રી કાલીચરણ શર્મા, શ્રી વીરેન્દ્ર તિવારી પણ મંચાસીન હતા. પરેડની સાથે સપ્ત ક્રાંતિઓ પર આધારિત કેટલીયે ઝાંખિઓનો સમાવેશ કરવામાં આવ્યો. ગુજરાતના ગરબા, પંજાબના ભાંગડા, ઓરિસ્સા, હિમાચલ, હરિયાણા તથા બીજા પ્રાદેશિક લોકનૃત્ય પરેડમાં મન મોહી લેતા હતા. દરેક પ્રદેશે પોતાની વિવિધતા અને વિશેષતાનો પરિચય આપ્યો. આ પરેડમાં એક અનોખી ઝાંખી પણ જોવા મળી, તે હતી મોટા ઉદ્યોગ સમૂહમાં સેવારત યુવકો દ્વારા ચલાવવામાં આવી રહેલી સ્વાધ્યાયની નવી પરંપરા- ઈ સ્વાધ્યાયની. ☯






## છવાયી રહ્યો છે સર્જનાત્મક આંદોલનનો ઉમંગ

રાષ્ટ્રીય યુવા ચેતના શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય હતો રાષ્ટ્રની યુવાશક્તિને સ્વાવલંબનના આત્મ ગૌરવ અને પારિવારિક ભાવનાઓની સાથે રાષ્ટ્રના અટલ વિકાસની તરફ અગ્રેસર કરવી. યુગની સૌથી મોટી આધ્યાત્મિક ક્રાંતિ અને સાંસ્કૃતિક સ્વતંત્રતાના સૂત્ર સંચાલક અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આરાધ્ય યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મ શતાબ્દી પર આ જ સૌથી મોટી શ્રદ્ધાંજલિ હોઈ શકે છે. આ પ્રયાસોની અંતર્ગત સંપૂર્ણ આયોજનમાં સપ્ત આંદોલનોને ગતિ આપવાનો ઉમંગ છલકાઈ રહ્યો હતો.

કાર્યક્રમ સ્થળને જોતા સહજતાથી કોઈ રાષ્ટ્રીય મેળાની અનુભૂતિ થતી હતી. એક પ્રકારે આ સર્જન ચેતનાનો સંદેશ આપી રહ્યો હતો. જ્યાં સંપૂર્ણ પરિસર કેસરિયા ઉમંગોમાં રેલમછેલ હતો, તો ત્યાં શણગારવામાં આવેલ ઝાંખિઓ, નગરોની સજાવટ, પ્રદર્શની વગેરેથી દેશની સાંસ્કૃતિક સુંદરતા અને વિવિધતાની મનોરમ છબિ દેખાઈ આવતી હતી. જુદા જુદા રાજ્યોથી પહોંચેલ પ્રતિનિધિઓએ પોતાના શિબિરોની સજાવટ અને વેષભૂષાથી પોતાની સાંસ્કૃતિક અને ગૌરવપૂર્ણ પરંપરાઓનો પરિચય આપ્યો. મધ્ય પ્રદેશે જન્મ શતાબ્દી વર્ષમાં ઘોષિત પંચ મહાઅભિયાનોને ખૂબ જ તન્મયતાની સાથે પ્રગટાવ્યા. ગાયત્રી પરિવાર સેંધવાએ આદર્શ ગ્રામની સમગ્ર પરિકલ્પના એક મોડલના રૂપમાં સમઝાવી હતી. સ્મૃતિ ઉપવનો, બાળ સંસ્કાર શાળાઓની પણ ઝાંખિઓ બનાવવામાં આવી હતી.

**સેંધવા દ્વારા બનાવવામાં આવ્યું આદર્શ ગ્રામનું મૉડલ**



પ્રવેશ પ્રાંગણને સુંદર રંગોળીઓથી સજાવવામાં આવ્યું હતું. ભારત માતાની વિશાળ રંગોળી દેશપ્રેમ અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતિક સમી હતી. તેની વચ્ચે સ્થાપિત હતી લગભગ ૮ ફૂટ ઉંચી ત્રિઆયામી મશાલ, જે રાષ્ટ્રના નવનિર્માણ માટે મિશનના સંકલ્પની યાદ અપાવી રહી હતી. પરેડ નિરિક્ષણ પછી આદરણીય ડૉ. સાહેબે મશાળને પ્રજ્વલિત કરી હતી. ☯

**મીઠું બોલનારો બેઈમાન વ્યક્તિ વધુ ખતરનાક હોય છે.**

# સંકલ્પનિષ્ઠ સર્જનશીલ યુવાનો કરશે નવયુગની આગેવાની



**ભોપાલ (મ.પ્ર.)**

ભોપાલમાં ૨૯ થી ૩૧ ઓક્ટો૦ ની તારીખોમાં યોજાયેલ રાષ્ટ્રીય યુવા ચેતના શિબિરમાં જ્ઞાનમંચથી કાર્યક્રમોનો શુભારંભ યુગગાયક સર્વશ્રી ગોવિંદ પાટીદાર, ઑંકાર પાટીદાર, રાજકુમાર વૈષ્ણવ,



અમરસિંહ તથા છબિલાલજીના ક્રાંતિકારી ગીત 'અબ જવાન ચાહિએ, નૌજવાન ચાહિએ.....'થી થયો. ત્યારબાદ મધ્યપ્રદેશમાં યુવા સંગઠનના પ્રાદેશિક કન્વીનર શ્રી આનંદ વિજયે રાષ્ટ્રીય પ્રગતિનો રિપોર્ટ રજુ કર્યો. એ રિપોર્ટમાં તેમણે યુગઋષિના સૂત્ર-સિદ્ધાંતોને અપનાવવાવાળા યુવાઓની એક મોટી ખેપ યુગઋષિના શ્રીચરણોમાં સમર્પિત કરવાનો સંકલ્પ બોલાવડાવ્યો.

દેશના ખૂણે-ખૂણાથી આવેલ પ્રતિભાગીઓને બે દિવસમાં ઘણુંખરુ માર્ગદર્શન આદરણીય ડૉ.સાહેબ પાસેથી મેળવવાનો સુઅવસર મળ્યો. તેના સિવાય શ્રીમતી મંજરી અને શ્રી અંકુર મહેતાએ 'યુગ નિર્માણમાં યુવા શક્તિનું સુનિયોજન અને દિયા આંદોલન' પર વક્તવ્ય આપ્યું. શ્રી કે.પી.દુબેએ જન્મ શતાબ્દી વર્ષમાં યુવા શક્તિ પાસેથી અપેક્ષા જણાવી. શ્રી કાલીચરણ શર્માજીએ ગાયત્રી પરિવારના વિવિધ સંગઠનોની વચ્ચે ભ્રમને દૂર કરતાં એના સમન્વય પર વિચાર રાખ્યા, સૂત્ર બતાવ્યા.

બન્ને દિવસે રાજ્ય સ્તર પર નાના-નાના સમૂહોમાં ચર્ચા થઈ. ચર્ચાના વિષય પણ રાજ્યવાર નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી પણ પ્રત્યેક સમૂહની વચ્ચે પહોંચ્યા અને ચાલી રહેલ વિષયો પર માર્ગદર્શન આપ્યું. શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી વાસુકીનાથ સમૂહ ચર્ચાના



સમન્વયક હતા.

આખી શિબિર સપ્ત આંદોલનોની ધરી પર સંપન્ન થઈ. પ્રત્યેક સત્રના આરંભમાં પ્રતિભાગીઓએ પોતાની સફળ યોજનાઓની જાણકારી આપી અને તેને અપનાવવાના સંદર્ભમાં માર્ગદર્શન પણ આપ્યું. બુરહાનપુર-ના શ્રી મનોજ તિવારીએ વૃક્ષગંગા અભિયાનની સફળતાના વિષયમાં જણાવ્યું. મુંબઈના શ્રી સૌરભ મિશ્રા અને શ્રી રાજેશ યાદવે ઈ-સ્ટોરની જાણકારી આપી તથા શ્રીમતી સ્વાતી સોનીએ વેબ સ્વાધ્યાયની સફળતાના વિષય જણાવ્યું.

## વિભૂતિઓનું સન્માન

મધ્યપ્રદેશ રાજ્યએ જન્મ શતાબ્દીનું વિષે નિર્ધારિત કરતાં પંચ મહા અભિયાનોની ઘોષણા કરી છે. એમાં સર્વશ્રેષ્ઠ સફળતા મેળવવા વાળા યુવાનોને રાષ્ટ્રીય શિબિરમાં સન્માનિત કરવામાં આવ્યા. વિવિધ આંદોલનો માટે નીચે જણાવેલ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું.



☞**નર્મદાંચલ શુદ્ધિ-શ્રી કમલરાય, જબલપુર,**

☞**વૃક્ષગંગા અભિયાન-તરુમિત્ર શ્રી મનોજ તિવારી, બુરહાનપુર,**

☞**આદર્શ ગ્રામ વિકાસ-શ્રી મેવાલાલ પાટીદાર, અર્જુદી, સેંધવા,**

☞**બાલ સંસ્કાર શાળા-શ્રી ઓ.પી. જાદવ, ઈંદોર,**

☞**યુવાનો જોડો અભિયાન-શ્રી બુદ્ધસિંહ પારધી, બાલાઘાટ**

☞**વ્યસન મુક્તિ અભિયાન- શ્રી ડેમનિયા ભાઈ, સાલીટાંડા-બડવાની**

## મુખ્યમંત્રીજીએ રાષ્ટ્રને અર્પણ કરી શ્રદ્ધાંજલિ

તા-૩૦ ઓકટોમ્બરના રોજ સાંજના સમયે રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજ સિંહ સપત્નીક મુખ્ય અતિથિ હતા. પ્રદેશના કૃષિમંત્રી ડૉ. રામકૃષ્ણ કુસમરિયા, શહેરીવિકાસ મંત્રી શ્રી બાબૂલાલ ગૌર, મેયર સુશ્રી કૃષ્ણાગૌર, વરિષ્ઠ જનપ્રતિનિધિ શ્રી ઝા અને ડૉ. ડી.પી. સિંહની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. આ અવસર પર આદરણીય ડૉ. સાહેબે 'શતાબ્દી પુરુષનું નવસર્જન અભિયાન : યુવાનોનો યોગદાન' વિષય પર પોતાનો સંદેશ આપ્યો.

મુખ્યમંત્રીજીએ યુગ નિર્માણ આંદોલનના એક કર્મઠ સિપાહીની જેમ પરમ પૂજ્ય ગુરુદેવના સંકલ્પોને સાકાર કરવા માટે પોતાની પૂરી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે જ્યારે તેઓ ભોપાલમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે અખંડ જ્યોતિના લેખોએ પરમ પૂજ્ય ગુરુદેવને મળવાની ખૂબ જ વ્યાકૂળતા જગાવી હતી. જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવ શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા માટે હોશંગાબાદ આવ્યા, ત્યારે તેમની પાસે દીક્ષા લીધી. તેઓ પરમ પૂજ્ય ગુરુદેવને એક જ વખત મળ્યા પરંતુ એ સમયે પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા કરવામાં આવેલ તિલકથી તેમના સમસ્ત અંતર્દ્વંદ્વ જ સમાપ્ત થઈ ગયા. આજે પણ એવું જણાઈ આવે છે કે પરમ પૂજ્ય ગુરુદેવનો એ દિવ્ય સ્પર્શ તેમને આશીર્વાદ આપી રહ્યો છે, માર્ગદર્શન પુરૂ પાડી રહ્યો છે. આ અવસર પર



**મંચાસીન ડૉ. સાહેબ સાથે મુખ્યમંત્રીજી**

તેમણે પરમ પૂજ્ય ગુરુદેવ અને સ્વામી વિવેકાનંદનું સમગ્ર સાહિત્ય વાંચવાની અને તેમાંથી પ્રેરણા લઈને લોકમંગળની ગતિવિધિઓ ચલાવવાની વાત કરી. બાળિકાઓના ઉત્કર્ષ માટે તેના જન્મ સમયે 'લાડલી લક્ષ્મી'થી લઈને



બહેનોને આજીવન સુરક્ષા અને સહયોગ આપવાની, વનવાસી કલ્યાણ જેવી અનેક યોજનાઓનો તેમણે ઉલ્લેખ કર્યો.

મુખ્યમંત્રીજીએ અનેક રોચક અને વ્યાવહારિક ઉદાહરણોની સાથે સમજાવ્યં કે મનુષ્યને માત્ર શરીર-સુખ જ નથી જોઈતું. તેને મન, બુદ્ધિ અને આત્માનું સુખ પણ જોઈએ છે. સંસ્કાર અને પરિવાર જેવી વ્યવસ્થા ભારત સિવાય સમગ્ર સંસારમાં ક્યાંય નથી. આજે નહીં તો કાલે સમસ્ત વિશ્વને ભારતનો જ માર્ગ અપનાવવો પડશે.

## બધા રાજ્યોને સોંપવામાં આવી ક્રાંતિની મશાલ

રાષ્ટ્રીય યુવા ચેતના શિબિરમાં પ્રત્યેક રાજ્યના યુવા કન્વીનરોને જન્મશતાબ્દીના અભીષ્ટ લક્ષ્યને યાદ રાખવા અને તેને પૂરો કરવાના સંકલ્પના રૂપમાં મશાલ સોંપવામાં આવી. શાંતિકુંજ પ્રતિનિધિઓએ આ મશાલ પ્રદાન કરતાં દેશના



યુવાનો પાસેથી ડિસેમ્બર-૨૦૧૧ સુધી રાષ્ટ્રની આરાધના માટે પોતાનું સર્વસ્વ યુગ દેવતાના ચરણોમાં અર્પણ કરવાનો સંકલ્પ લેવા આવાહ્ન કર્યું.

**દીપયજ્ઞમાં જ્યારે ૨૪૦૦૦ દીપ પ્રજ્વલિત થયા તો જણાવા લાગ્યું કે આકાશના તારલા ધરા પર ઉતરી આવ્યા. જ્યારે મહાકાળની વંદના ગાવામાં આવી તો લાગ્યું કે જાણે મહા પરિવર્તન માટે નટરાજનું તાંડવ ગુંજી રહ્યું હોય. ગાયત્રી મહામંત્રની આહુતિઓની વચ્ચે સતયુગ જેવી દિવ્યતાની અનુભૂતિ કરવામાં આવી શકે છે. મહાકાલના સ્વરની સાથે યુવા મનમાં ઉદાત્ત સંકલ્પ હિલોરા લેતા જણાવા લાગ્યા. દીપયજ્ઞમાં હાજર રહેલ તમામ યુવક-યુવતીઓમાં પોતાના યૌવનને સાર્થક સિદ્ધ કરી મહાકાલના શ્રીચરણોમાં પોતાનો સમય, ભાવ અને પ્રતિભાની શ્રેષ્ઠતમ શ્રદ્ધાંજલિ અર્પિત કરવાના સંકલ્પ ઉભરી આવ્યા.**

## શિબિરના કેટલાક વિશેષ આકર્ષણ

**એલઈડી સ્ક્રીન :** મંચ પર વિશાળ એલઈડી સ્ક્રીન લગાવવામાં આવી હતી. જેમાં ૩૦૦ મીટરની દૂરી પર બેઠેલ વ્યક્તિ પણ તમામ વક્તાઓના હાવભાવ અને મંચીય કાર્યક્રમોને ખૂબ જ સારી રીતે જોઈ શકતો હતો.



**ધ્યાન અને વ્યાયામ :** આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ સવારે મંગળ પ્રવચનની સાથે પરમ પૂજ્ય ગુરુદેવના સંગી-સાથી, સહચર હોવાનું વિશેષ ધ્યાન કરાવ્યું. આ સિવાય તેમણે ૧૦ પ્રકારના બીજા ધ્યાન બતાવ્યા. તેમણે કહ્યું કે ધ્યાનસ્થ મન વાળો યુવાન જ પોતાની શક્તિનો વિધેયાત્મક ઉપયોગ કરી શકે છે. ધ્યાન પછી દેસંવિવિના આચાર્ય- શ્રી રામ અવતાર પાટીદાર અને શ્રી ગોપાલ શર્માની ટીમે યોગ વ્યાયામ કરાવ્યા. એલઈડીના સહયોગથી ધ્યાન અને વ્યાયામના કાર્યક્રમ વધુ પ્રભાવશાળી બન્યા હતા.

**ઉઘાડી સંસદ :** આ શિબિરમાં ઉઘાડી સંસદનો એક વિશેષ પ્રયોગ કરવામાં આવ્યો. જેમાં બે કલાક સુધી પ્રશ્નોત્તરીનો ક્રમ ચાલ્યો. મોટી સંખ્યામાં લોકોએ પોતાની જિજ્ઞાસાઓ રાખી, જેના ઉત્તર આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી સિવાય ડૉ. બૃજમોહન ગૌડ, શ્રી કાલીચરણ શર્મા, શ્રી વીરેન્દ્ર તિવારીએ જવાબ આપ્યા. પ્રત્યક્ષ પૂછવામાં આવેલ આ પ્રશ્નો સિવાય કેટલાય લોકોના લેખિત પ્રશ્નો પણ આવ્યા હતા, જેમનું સામૂહિક રૂપથી સમાધાન કરવામાં આવ્યું હતું.

**સ્મારિકા વિમોચન :** રાષ્ટ્રીય યુવા ચેતના શિબિર સંયોજક મધ્ય પ્રદેશના પ્રાદેશીક સંગઠને એક સ્મારિકા 'જાગ ઉઠી તરૂણાઈ' પણ પ્રકાશિત કરી છે, જેનું વિમોચન મંચ પરથી શાંતિકુંજ પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું.

**લોકેષ્ણાનો લાલચુ ઈશ્વરનો વ્હાલો નથી થઈ શકતો.**



# જ્યોતિ પર્વની સંગ ખિલ્યા સંસ્કૃતિ-સદ્ભાવના રંગ

## ધન્વંતરિ જયંતી : સ્વાસ્થ્ય માટે પ્રકૃતિને મનાવો, તેને અપનાવો

શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સ્વાસ્થ્ય વિભાગો દ્વારા ધન્વંતરિ જયંતી પર ભગવાન ધન્વંતરિની પૂજાનો વિશેષ સમારંભમાં ભાગ લીધો હતો.

આયુર્વેદના દેવતા ભગવાન ધન્વંતરિની જયંતી પર શાંતિકુંજના મુખ્ય ચિકિત્સકોએ તંદુરસ્તીની




ધન્વંતરી પૂજન સમારોહ : ઈન્સેટમાં સભાને સંબોધી રહેલા વરિષ્ઠ ચિકિત્સકો

સમારોહ આયોજિત કરવામાં આવ્યો. મુખ્ય સમારોહ શાંતિકુંજના સત્સંગ ભવનમાં સંપન્ન થયો. ચિકિત્સા અને વનૌષધિ વિભાગના પ્રભારી વૈદશ્રી રામપ્રકાશ પાંડેય, ડૉ. ઓ.પી. શર્મા, ડૉ. ગાયત્રી શર્મા, ડૉ. મંજૂ ચોપદાર સહિત શાંતિકુંજના સમસ્ત ચિકિત્સકો અને સ્વાસ્થ્ય સેવા સાથે સંકળાયેલા સ્વયંસેવકોએ જાળવણીના બહુમૂલ્ય સૂત્રો યાદ કરાવ્યા. પ્રકૃતિ મનુષ્યને હંમેશા સ્વસ્થ્ય રાખવાના પ્રયાસ જ કરતી રહે છે. વિકૃતિ અથવા બિમારી ત્યારે આવે છે, જ્યારે મનુષ્ય તેના નિયમોમાં ખલેલ પેદા કરે છે. સ્વસ્થ્ય રહેવાનો સર્વોત્તમ ઉપાય આપણાં આહાર-વિહાર, મન અને વિચારો ને પ્રકૃતિની અનુરૂપ ઢાળવામાં છે.

## દીપાવલી પર ગાયત્રી વિદ્યાપીઠના બાળકોની રેલી

તા- 3 નવેમ્બરના રોજ ગાયત્રી વિદ્યાપીઠના ૬૦૦ વિદ્યાર્થીઓએ દીપાવલી પર ફટાકડાથી દૂર સંબોધિત કરીને દેશની આઝાદી માટે આપવામાં આવેલા બલિદાનોની ચર્ચા કરી અને પરમ પૂજ્ય ગુરૂદેવના



રહેવાનો સંદેશ આપવા વાળી એક પ્રભાવશાળી રેલીનું આયોજન કર્યુ હતું. ગાયત્રી વિદ્યાપીઠથી પ્રારંભ થઈ આ રેલીએ દેસંવિવિ, હરિપુર કલાં ગામ, સપ્તઋષિ માર્ગ અને શાંતિકુંજના હજારો લોકોને પર્યાવરણ મિત્ર દીપાવલી ઉજવવા અને અપવ્યયથી બચવાનો સંદેશ આપ્યો. બાળકોના હાથમાં બેનરો હતા અને તેઓ જોશીલા નારા લગાવી રહ્યા હતા. રેલીનું નેતૃત્વ પ્રજ્ઞા બેંડે કર્યુ હતું.

દેસંવિવિ સ્થિત મહાકાળ મંદિર પર રેલીનું સમાપન થયું. ત્યાં વિદ્યાલયના પ્રિન્સીપલ શ્રી કૈલાશ મહાજને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને નવભારતના નિર્માણના પ્રયાસોની જાણકારી આપી. તેમણે કહ્યું કે તેઓ સ્વર્ણિમ ભારતના ભાગ્ય વિદ્યાતા છે. આપણે પ્રચલિત ખોટી પરંપરાઓમાં વહેવા કરતા બગાડ અને પ્રદૂષણથી બચતા રહીને સંપૂર્ણ દેશને નવસર્જનનો સંદેશ આપવો જોઈએ.

બાળકો તેમના આચાર્યના નિર્દેશોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીને આ દીપાવલીના તહેવારોમાં ફટાકડાથી દૂર રહ્યા. વિદ્યાલયની શીખામણ અને વાલીઓના પ્રોત્સાહનથી નાના-નાના બાળકોએ પણ માત્ર ફૂલઝરી જેવી સામાન્ય આતશબાઝીની સાથે દીપાવલી મનાવી. ☯

## કાળી ચૌદશ : ચેતના દિવસના રૂપમાં ઉજવાયો કુલાધિપતિનો જન્મદિવસ

કાળી ચૌદશના દિવસે દેસંવિવિના કુલાધિપતિ માનનીય ડૉ. પ્રણવ પંડ્યાજીનો ૬૦મો જન્મ દિવસ 'ચેતના દિવસ'ના રૂપમાં મનાવવામાં આવ્યો. આ પ્રસંગે સવારના આશ્રમવાસિઓ, શિબિરાર્થિઓ અને દેસંવિવિ-ગાયત્રી વિદ્યાપીઠના આચાર્ય અને વિદ્યાર્થીઓએ તેમને શુભકામનાઓ પાઠવી અને આશીર્વાદ લિધા.

દેસંવિવિ પરિસરમાં એક વિવિધરંગી સમારોહની સાથે ચેતના દિવસ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે વિવિ.ના વિદ્યાર્થીઓએ સંસ્કૃતિની સુગંધને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો. સમારોહમાં વિદ્યાર્થીઓએ પોતાને એક સ્વયંસેવકના રૂપમાં સમાજને સમર્પિત કરવાના હસ્તલિખિત સંકલ્પ પત્રો કુલાધિપતિજીને સમર્પિત કર્યા, જેમાં ઉપસ્થિત સમગ્ર ૧૫૦ વિદ્યાર્થીઓએ પોતાની સહી કરી હતી.

ચેતના દિવસ પર આયોજિત કાર્યક્રમોએ સહુનું મન મોહી લીધું. સ્કૂલ ઓફ એજ્યુકેશનના નિદેશક ડૉ. કર્મયોગીજીએ તેમની કવિતાનું પઠન કર્યું. વિવિ.ના કમ્પ્યૂટર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી વીડિયો ફિલ્મ 'બ્રહ્મવર્ચસ સે દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય તક' બતાવવામાં આવી, જેમાં માનનીય કુલાધિપતિજીની એક જાગૃત વૈજ્ઞાનિક સંતની પ્રતિભાન રેખાંકન કરવામાં આવ્યું છે.

સૈંકડો દીપકોની સાક્ષીમાં દીપકોની સાક્ષીમાં દીપયજ્ઞ કરતાં આદરણીય ડૉ. સાહેબના યશસ્વી જીવનની કામના દરેકે કરી. આદરણીય ડૉ. સાહેબે આ પ્રસંગે દેસંવિવિ ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રકાશિત 'પલાશ'નામના મેગેજીનનું વિમોચન કર્યુ. ☯



## દીપાવલી : ધનના સદુપયોગથી ફેલાવશું દુનિયામાં અજવાળું

ધન એક વિભૂતિ છે. જ્યારે ગણેશ અર્થાત્ વિવેકની સાથે તેનુ પૂજન કરવામાં આવે છે ત્યારે સ્વર્ગ જેવું ઉલ્લાસમય વાતાવરણ બની જાય છે. અવિવેકપૂર્વકનો ઉપયોગ દુર્ગતિ, દુર્મપિ અને દરિદ્રતાને જન્મ દેનારો હોય છે. આપણા દેશમાં ધનની ઉણપ નથી. અવિવેકી લોકોએ વિદેશોની બેંકોમાં ધનનો અંબાર મૂકી રાખ્યો છે. કોઈ વખત આવુ ધન દહેજ અને ખોટાખર્ચમાં, તો કોઈ વખત પ્રતિષ્ઠાના નામે કરવામાં આવતી આતશબાજીમાં વાપરવામાં આવે છે. આ જ રાષ્ટ્રની દુર્ગતિનું કારણ છે. દીપાવલી આપણને એ સંદેશ આપે છે કે આપણે ધનના સદ્દુપયોગ દ્વારા રામરાજ્યની સ્થાપના કરીએ, જગતમાં ચારે બાજુ અજવાળું ફેલાવીએ અને દેશને પ્રગતિ પથ પર આગળ ધપાવીએ.

આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી અને આદરણીય શૈલ જીજીએ દેવમંચ પરથી દીપાવલી પૂજન કરતી વખતે ઉપરોક્ત સંદેશ હાજર તમામ ભાઈ બહેનોને આપ્યો અને આ આશયનો સંકલ્પો લેવડાવ્યા. ☯



દીવાળીના દિવસે દીપ પ્રગટાવી રહેલ તથા ચોપડા પૂજન કરી રહેલ આદ. ડૉ. સાહેબ અને આદ. શૈલબહેન

**સ્વામીઃ**-યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011